


સમગ્ર ગુજરાતના કિસાનોનું પ્રતિનિધિત્વ કરતું એક માત્ર સાપ્તાહિક

# કિસાન સંદેશ

વર્ષ : ૧૯, અંક : ૦૫, સળંગ અંક : ૯૨૧, તારીખ : ૨૬-૦૬-૨૦૧૭, સોમવાર, કિંમત રૂા. ૪-૦૦, મુદ્રક : પ્રકાશક : તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ

(માલિક : કિસાન સંદેશ પ્રકાશન ટ્રસ્ટ, ગુજરાત પ્રદેશ વતી) ''બલરામ મંદિર પરીસર'', સેક્ટર-૧૨/ડી, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૪૯૧૬

R.N.I. No. 71193/99, Reg. No. GNR 313, Posting Dt. 26/06/2017, RMS G'nagar, Valid up to 31/12/19

## વિશ્વ યોગ દિવસ નિમિત્તે ગુજરાતની ઐતિહાસિક સિદ્ધિ

# અમદાવાદ ખાતે એક સ્થાને એકી સાથે ૫૪,૫૨૨ લોકોએ યોગ કરીને ગિનીસ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડઝમાં નવો કિર્તીમાન સ્થાપ્યો : મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી

ગુજરાતમાં વિશ્વ યોગ દિવસ - ૨૧મી જૂન નિમુત્તે જીએમડીસી ગ્રાઉન્ડ, અમદાવાદ ખાતે એક જ સ્થાન પર એકી સાથે ૫૪૫૨૨ લોકોએ યોગ કરીને ગિનીસ બૂક ઑફ વર્લ્ડ રેકોર્ડઝમાં નવો કીર્તિમાન સ્થાપિત કર્યો છે. તેમ મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું.

વિશ્વ યોગ દિવસ નિમિત્તે ગુજરાતે એક ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. આજનો દિવસ ગુજરાત માટે ખાસ છે. ગુજરાતની ધરતીને વડાપ્રધાનશ્રીનું કર્તુત્વ અને નેતૃત્વ મળ્યું છે. આજે વહેલી સવારથી જીએમડીસી ગ્રાઉન્ડ ખાતે લોકો ઉત્સાહભેર હાજર રહીને સવારે ૫ થી ૭-૩૦ કલાક સુધી આસન, પ્રાણાયામ અને યોગ કર્યા હતા. જે આપણા માટે સૌભાગ્યની વાત છે. યોગ અભ્યાસથી ગુજરાત સમૃદ્ધ, સ્વચ્છ અને સ્વસ્થ બહનશે તેવો વિશ્વાસ વ્યક્ત કરીને મુખ્યમંત્રીશ્રીએ સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા બદલ યોગગુરુ બાબા રામદેવ, ગિનીસ બૂક ઑફ વર્લ્ડ રેકોર્ડઝની ટીમ અને તંત્રને અભિનંદન પાઠવ્યા હતા.



● અગાઉ વર્ષ ૨૦૧૫માં નવી દિલ્હી ખાતે એક સાથે ૩૫,૯૮૫ લોકોનો યોગ કરવાનો વર્લ્ડ રેકોર્ડ
● ગિનીસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડઝની ટીમ દ્વાર મુખ્યમંત્રીશ્રીને પ્રમાણપત્ર અપાયું.
● યોગગુરુ બાબા રામદેવના માર્ગદર્શન હેઠળ અન્ય ૨૨ વર્લ્ડ રેકોર્ડ પ્રસ્થાપિત થયા.

આ યોગ દિવસની ઉજવણીને ગિનીસ બૂક ઑફ વર્લ્ડ રેકોર્ડઝની ટીમે એક અદ્દ્ભૂત રેકોર્ડ ગણાવ્યો હતો. આ પ્રસંગે ગિનીસ બૂક ઑફ વર્લ્ડ રેકોર્ડઝની ટીમ દ્વારા ગાંધીનગર ખાતે મુખ્યમંત્રીશ્રીને વર્લ્ડ રેકોર્ડ બદલ પ્રમાણપત્ર એનાયત કરવામાં આવ્યું હતું. અત્રે ઉલ્લેખનીય છે કે, અગાઉ ૨૧ જૂન-૨૦૧૫માં આયુષ મંત્રાલય આયોજિત યોગ કાર્યક્રમમાં નવી દિલ્હી ખાતે ૩૫,૯૮૫ લોકો દ્વારા એક સાથે એક જ સ્થલે યોગ કરવાનો વર્લ્ડ રેકોર્ડ પ્રસ્થાપિત કરાયો હતો.

વિશ્વ યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે રમત - ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓના વિભાગ તેમજ યોગગુરુ બાબા રામદેવના સંયુક્ત ઉપક્રમે અમદાવાદ ખાતે વિવિધ ૨૨ રેકોર્ડ પ્રસ્થાપિત કરવામાં આવ્યા હતા. જેને ગોલ્ડન બૂક ઑફ વર્લ્ડ રેકોર્ડઝમાં સ્થાન આપવામાં આવ્યું છે.

યોગ દિવસની ઉજવણીના ભાગરૂપે અમદાવાદના જીએમડીસી ખાતે મુખ્ય કાર્યક્રમ ઉપરાંત જીએમડીસી, એઈએસ, સ્પોર્ટસ કોમ્પલેક્ષ અને યુનિવર્સિટી ગ્રાઉન્ડ એમ કુલ ૫ સ્થાનો પર એક જ

અનુ. પાના ૬ પર

# કામધેનુ યુનિવર્સિટી હેઠળ વેટરનરી કોલેજો હોવી જોઈએ : શ્રી રાધામોહન સિંહ - કેન્દ્રિય કૃષિ મંત્રી

તા. ૨૮ મે, ૨૦૧૭ના રોજ હિંમતનગર ખાતે કામધેનુ યુનિવર્સિટીની અંગભૂત પોલીટેકનીક કોલેજના નવીન બિલ્ડીંગના લોકાર્પણ તથા ગૌશાળા અને વિદ્યાર્થી હોસ્ટેલના ભૂમિપૂજન કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મુખ્ય મહેમાન તરીકે કેન્દ્રિય કૃષિ મંત્રીશ્રી રાધામોહન સિંહ, અતિથિ વિશેષ તરીકે કેન્દ્રિય કૃષિ રાજ્ય મંત્રીશ્રી

અનુ. પાના ૬ પર



હિંમતનગર ખાતે કામધેનુ યુનિવર્સિટીની અંગભૂત પોલીટેકનીક કોલેજના નવીન બિલ્ડીંગના લોકાર્પણ તથા ગૌશાળા અને વિદ્યાર્થી હોસ્ટેલના ભૂમિપૂજન કાર્યક્રમ તથા કામધેનુ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત નવા સામાયિક 'ગૌધુલિ'નાં પ્રથમ અંકનું માન. કેન્દ્રિય કૃષિ મંત્રીશ્રી રાધામોહનસિંહ તથા ઉપસ્થિત મહાનુભાવો એ વિમોચન કર્યું હતું આ અંકનું સંપાદન ડો. પી.એચ. પાટલીયા, વિસ્તરણ શિક્ષણ નિયામક દ્વારા કરવામાં આવ્યું હતું.

## લોકસરવાણી — બિનખર્ચાળ પદ્ધતિઓ

**(૪)**

### રીંગણ, ટમેટી, મરચીમાં ફૂલ ખરણ અટકાવે ગૌમૂત્ર, છાશ અને રજકો !

*સુનીલભાઈ રમણભાઈ પટેલ*
*મુ. દાગજીપુર, તા. ઉમરેઠ, જિ. આણંદ.*
*મો. : ૯૯૭૯૮૯૮૯૭૯*

ખાસ કરીને શાકભાજી વર્ગના પાકોમાં ફૂલ ખરણનો બહુ મોટો પ્રશ્ન હોય છે. આથી ખેડૂતોને ઘણું નુકસાન થાય છે. આ સમસ્યાના ઉકેલ માટે ઉમરેઠ તારુકાના સુનીલભાઈ રમણભાઈ પટલે રજકો, ગૌમૂત્ર અને છાશની આસનો ઉપયોગ કરે છે.

સુનીલભાઈના જણાવ્યા પ્રમાણે, ૧૦ કિલો લીલો રજકો લઈ ઝીણા - ઝીણા ટુકડા કરી એક પીપમાં ભરી બધું ઘાસ ડૂબી જાય એટલું પાણી ભરી ૧૫ દિવસ આથો આવવા મૂકી રાખવામાં આવે છે. ત્યારપછી આ દ્રાવણ ગાળીને ૧૦ લિટર પાણીમાં ૫૦૦ મિ.લી. રજકાનું પાણી, ૩૦૦ મિ.લી. ગૌમૂત્ર અને ૩૦૦ મિ.લી. ખાટી છાશની આસ ઉમેરીને પાક પર છંટકાવ કરવાથી ફૂલખરણ અટકે છે અને ઝીણા ચૂસિયાનું પણ નિયંત્રણ થાય છે. દસથી પંદર દિવસે બીજો છંટકાવ કરવામાં આવે છે. છંટકાવ કરતી વખતે પાનની ઉપર અને નીચે આખો છોડ ભીંજાઈ જાય તે ખાસ જોવું જરૂરી છે. આ પદ્ધતિ તદ્દન બિનખર્ચાળ અને સરકારકછે.

*સંકલન : નરેન્દ્ર રાઠવા*

**(૫) પશુ સારવાર**

### ઘામાં રૂઝ લાવે ઉખરાડી !

*ચતુરભાઈ કચરાભાઈ રાવળ*
*મું. રામપુર (કુવાયડા), રાવળવાસ,*
*તા. વિજાપુર, જિ. મહેસાણા.*
*પીન ૩૮૨૮૭૦, મો. : ૯૭૨૫૫૫૯૭૭૦*

પશુને કંઈ પણ વાગવાથી ઘા પડે અને તેમાં રૂઝ ન આવે ત્યારે તેમાં કીડા પડે છે. આવી સમસ્યા થાય ત્યારે મહેસાણા જિલ્લાના વિજાપુર તાલુકાના રામપુરા ગામના ચતુરભાઈ કચરાભાઈ રાવળ ઉખરાણી નામની વનસ્પતિનો ઉપયોગ કરે છે. ખેડૂતના અનુભવ મુજબ, ઉખરાડી નામની વનસ્પતિનાં પાનને પાણી સાથે લસોટી મલમ જેવી લૂગદી બનાવી, પશુના ઘા ઉપર લગાવવામાં આવે છે. આ લૂગદી સવાર - સાંજ એમ બે વખત ત્રણ - ચાર દિવસ લગાવવાથી તેની અસર જોવા મળે છે. આ પદ્ધતિના ઉપયોગથી ઘામાં રૂઝ આવે છે. ગામમાં કોઈના પણ પશુને ઘા પડ્યો હોય ત્યારે આ પદ્ધતિ અજમાવીએ છીએ.

ઉખરાડી નામની વનસ્પતિના વેલા જમીન પર પથરાય છે. તેનાં પાન ઝીણાં - ઝીણાં અને પૂલ પીળા રંગનાં હોય છે. ખાસ કરીને તળાવની જગ્યામાં શિયાળામાં આ નવસ્પતિ જોવા મળે છે.

*સંકલન : સંજય ગણપતભાઈ તુરી*

**(૬)**

### દાદર - ખસ - ખરજવું મટાડવા પપૈયાનું દૂધ !

*ભવાનજી હરસજી ઠાકોર*
*મુ. રંગપુર, ઠાકોરવાસ, તા. વિસનગર,*
*જિ. મહેસાણા, પીન. ૩૮૪૩૧૫*
*મો. : ૯૪૦૮૨૦૬૫૪૧*

પશુને દાદર - ખસ - ખરજવું થાય ત્યારે સતત શરીને ઝાડ કે ગમાણ સાથે ઘસે છે, પશુનો સ્વભાવ ચીડિયો થઈ જાય છે, ઘણી વખત વધારે પડતું ઘસવાથી શરીર ઉપર જખમ થઈ જાય છે, ચામડી બરછટ પણ થઈ જાય છે. અને પશુ બેચેની અનુભવે છે. આવી સમસ્યા ઉદ્ભવે ત્યારે મહેસાણા જિલ્લાના વિસનગર તાલુકાના રંગપુર ગામના ભવાનજી હરસજી ઠાકોર કાચાં પપૈયાનું દૂધ અને લીમડાના પાણીનો ઉપયોગ કરે છે. ખેડૂતના અનુભવ મુજબ, કાચાં પપૈયાનું દૂધ થોડા દિવસ સવાર - સાંજ લગાવવાથી દાદર - ખસ - ખરજવામાં રાહત થાય છે. આ ઉપરાંત અન્ય પદ્ધતિમાં લીમડાનાં લીલાં પાન અને ડાળીને પાણીમાં ધીમા તાપે ઉકળવામાં આવે છે.આ ઉકાળેલું પાણી ઠંડું પડે ત્યારે એક અઠવાયિા સુધી દરરોજ લગાવવાથી દાદર - ખસ - ખરજવું બિલકુલ મટી જાય છે. આ બન્ને પદ્ધતિ ભવાનજીભાઈ તેમના ગુરુ પાસેથી શીખ્યા છે. હાલમાં પણ આ પ્રયોગ કરે છે એ બીજા લોકોને પણ મદદ કરે છે.

*સંકલન : સંજય ગણપતભાઈ તુરી.*

**(૭)**

### પેશાબનો બંધક છોડાવે કંકોડાનો રસ !

*વસંતબહેન બાબુજી ઠાકોર*
*મું. ગોઠવા, તા. વિસનગર, જિ. મહેસાણા.*
*પીન. ૩૮૪૩૧૫, મો. : ૮૧૪૦૦૬૮૮૮૯*

પેશાબનો બંધક થાય ત્યારે પશુને ખૂબ જ પીડા થતી હોય છે, પેટ ફૂલી જાય છે અને બેચેની અનુભવે છે. આ સમસ્યા ખાસ કરીને બળદને વધારે થતી હોય છે. આવી સમસ્યા ઉદ્ભવે ત્યારે મસાણા જિલ્લાના વિસનગર તાલુકાના ગોઠવા ગામનાં વસંતબહેન બાબુજી ઠાકોર કંકોડીનાં મૂળ, વડ અને આંબાની ખાખરનો ઉપયોગ કરે છે. વસંતબહેનના જણાવ્યા મુજબ, કંકોડીનાં મૂળની ગાંઠ, આંબા અને વડનાં સૂકાં પાન; આ ગણેયના ઝીણા ટુકડા કરી પાણીમાં ઉકાળવામાં આવે છે. આ ઉકાળેલા પાણીને ઠંડું કરી નાળ વડે પશુને બેથી ત્રણ વખત પીવડાવવાથી પેશાબના બંધકમાં રાહત થાય છે.

કંકોડીનાં મૂળ જમીનમાં હોય છે, જે ચોમાસામાં વેલા સ્વરૂપે ઊગી નીકળે છે, કંકોડીના વેલાની જમીનમાં નીચે ગાંઠ હોય છે, તેને પીળા રંગના ફૂલ આવે છે અને તેનાં ફળનો શાકભાજીમાં ઉપયોગ થાય છે.

*સંકલન : સંજય ગણપતભાઈ તુરી*

# દેશમાં ઘઉં પર ૨૫ ટકા આયાત ડ્યુટી લાગશે..

દેશમાં ઘઉંનું રેકોર્ડબ્રેક ઉત્પાદન થવાના અંદાજ વચ્ચે હવે આતયાત મોંઘી બની શકે છે. ઘઉં પર ૧૦ ટકા આયાત ડ્યૂટી છતાં દક્ષિણ ભારતની મિલો દ્વારા મટાપાયે ઘુંની આયાત થાય છે. મિલોને ઓસ્ટ્રેલિયાથી આયાતિત થતા ઘઉં સસ્તા પડે છે. સરકારે ૧૦ ટકા આયાત ડ્યૂટી લગાવી દક્ષિણની મિલો માટે બાકોરુ ખુલ્લું રાખ્યું છે. નવી સિઝનમાં ઘઉંનું ઉત્પાદન ૯૭૩ લાખ ટન થવાનો અંદાજ મુકાયો છે. ગુજરાત, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ઉત્તર પ્રદેશના માર્કેટયાર્ડમાં ઘઉંનું વેચાણ એ ૧,૫૦૦ થી ૧,૫૫૦ ના ભાવે વેચાણ થાય છે. કેન્દ્ર સરકારે આ વર્ષે ટેકાના ભાવની ખરીદ ૧,૬૨૫ રૂપિયા પ્રતિ ક્વિન્ટલ જાહેર કરી છે. ગત વર્ષે ૫૫ લાખ ટન ઘુંની આયાત થઈ હતી. ચાલુ મહિનામાં લગભગ ૨ થી ૨.૫૦ લાખ ટનની ઘઉંની આયાતના સોદા થયા છે. ઓસ્ટ્રેલિયાથી આયાતિત તથા ઘઉં દક્ષિણ ભારતન બંદર પર વેપારીઓને પ્રતિ ક્વિન્ટલ ૧,૭૮૦ રૂપિયામાં પડે છે. જેમાં ૧૦૦ રૂપિયાનો ખર્ચ ઉમેરાતાં આ ઘઉં ૧,૮૮૦ રૂપિયામાં વેપારીઓને મળે છે. સ્થાનિકમાં ભાવ ૧,૫૦૦ થી ૧,૫૫૦ હોવા છતાં મિલો સારી ક્વોલિટીના ઘઉં ઓસ્ટ્રેલિયાથી આયાત કરે છે. ઓસ્ટ્રેલિયાથી ઓગસ્ટ અને સપ્ટેમ્બરમાં ઘઉંની આયાત માટે ૨૩૦ ડોલર પ્રતિ ટન અને લાલ ઘઉંની આયાત માટે સોદા પ્રતિ ટન ૨૦૦ ડોલર પ્રતિ ટનના દરથી ચાલી રહ્યાં છે. કેન્દ્ર સરકારે ટેકાના ભાવ અંતર્ગત અત્યાર સુધી ૩૦૩ લાખ ટન ઘઉંની ખરીદી કરી છે. ગત વર્ષે આ સમયગાળા દરમિયાન ૨૨૯.૬૧ લાખ ટન ઘઉંની ખરીદી કરાઈ હતી.



## ગ્રીનહાઉસ ફાર્મર એશો., ગુજરાત દ્વારા

# કૃષિમંત્રીને આવેદન પત્ર અપાશે



ગુજરાત રાજ્યમાં ગ્રીનહાઉસની ખેતી સદંતર નિષ્ફળ ગયેલ છે. જેથી ગ્રીન હાઉસ ફાર્મર અશોસીએશન દ્વારા છેલ્લા ત્રણ વર્ષ થી સરકારમાં રજુઆત કરવામાં આવી રહી છે. જેની સામે સરકારે આંખ આડા કાન કરેલ છે. હવે ગ્રીન હાઉસના ખેડૂતો નો રોષ ચરમ સીમા પર છે. ગ્રીન હાઉસની હાઈટેક ખેતી ગુજરાતના યુવાનો અને સાહસિકો ખેડૂતોએ અપનાવી હતી. અને આ યુવાનો એ આ પ્રોજેક્ટમાં સફળ થવા માટે ઘણા પ્રયત્નો કરેલ છે. પરંતુ એમાં નિશ્ફળ જતા સાહસિકો ખેડૂતો નિરાશાનો ભોગ બનેલ.

ગ્રીન હાઉસ ખેડૂતોને બેંકો દ્વારા જે લોન આપવામાં આવી છે. એની સામે ૧૫૦ થી ૩૦૦ ટકા સુધીની મિલકતો પર બેન્કો દ્વારા બોજા પાડવામાં આવેલ છે.અને આ પ્રોજેક્ટ નિષ્ફળ જવાથી બેંકો દ્વારા એ તમામ મિલકતો હડપવાની પ્રવૃત્તિ ચાલુ કરવામાં આવી છે. આ રીતે બેંકો, સરકાર અને જે તે વખતે ગ્રીન હાઉસ બનાવતી કંપનીઓએ ભેગા મળીને આ સાહસિકો ખેડૂતોને દેવા ના ડુંગર નીચે દબાવી દીધા છે. ગ્રીન હાઉસ ફાર્મર એશોસીએશન દેવામાં ડુબેલા ખેડૂતોને બહાર લાવવા માટેના તમામ પ્રયત્નો કરી રહ્યું છે.

સરકાર દ્વારા ટુંકા સમયમાં યોગ્ય નિવારણ આપવામાં નહી આવે તો એશોસીએશને ઉગ્ર આંદોલનના માર્ગો આગળ વધવું પડશે જો સરકાર આ રજુઆતો પર કોઈ નિર્ણય નહિ લે તો દેવામાં આ ડુબેલા ખેડૂતો પાસે આત્મહત્યા સવિય કોઈ રસ્તો રહેશે નહીં અને ખેડૂતો દ્વારા એ પગલું ભરવામાં આવશે. એની સંપૂર્ણ જવાબદારી સરકારીની રહે છે. ખેડૂતો આત્મહત્યા કરે એ પહેલા સરકાર કોઈ યોગ્ય પગલાં લે એવી એશોસીએશન આશા રાખે છે.

# કાર્યકર્તાનું અધિષ્ઠાન ૧૦૭

**રા. સ્વ. સંઘ**
**કાર્યકર્તા**
**અધિષ્ઠાન : વ્યક્તિત્વઃ વ્યવહાર**
**દત્તોપંત ઠેંગડી**
**અનુવાદક :**
**હસુભાઈ દવે**
સાહિત્ય સાધના ટ્રસ્ટ, અમદાવાદ

**કાર્યકર્તા...** (ગતાંકથી આગળ....)

પંડિત દીનદયાળજીના સંદર્ભમાં બે - ત્રણ માર્મિક ઉદાહરણ છે. સંઘના કોઈ કાર્યક્રમમાં તેઓ બૌદ્ધિક માટે ગયા હતા. તેમની ઓળક આપતી વખતે પરિચયકર્તાએ કહ્યું, 'પંડિત દીનદયાળજી જનસંઘના અખિલ ભારતીય મહામંત્રી છે' પંડિતજીએ તેને તરત જ સુધારીને કહ્યું કે હું સંઘનો પ્રચારક છું અર્થાત્ રાજકીય ક્ષેત્રમાં કામ કરનારો સંઘનો પ્રચારક. ૧૯૬૭ના ડિસેમ્બરમાં કાલિકટ અધિવેશનમાં પંડિતજી જનસંઘના અધ્યક્ષ બન્યા. તેઓ પૂ. ગુરુજીને મળવા કર્ણાટક આવ્યા. તે દિવસે પૂર્વ નિયોજિત કાર્યક્રમ અનુસાર પૂ.ગુરુજીનો બૌદ્ધિક વર્ગ રાખ્યો હતો, પરંતુ પંડિત દીનદયાળજી આવ્યા પછી. પૂ. ગુરુજીએ કહ્યું કે હવે દીનદયાળજીનો બૌદ્ધિક વર્ગ થશે. આથી સ્થાનિક અધિકારીઓમાંથી એક વ્યક્તિએ કહ્યું, પરંતુ તેઓ તો જનસંઘ જેવા રાજકીય પક્ષના અધ્યક્ષ છે. પૂ.ગુરુજીએ કહ્યું કે 'સંઘના કાર્યક્રમમાં તે રાજકીય પક્ષના અધ્યક્ષ એ નાતે નહીં બોલે, એક સ્વયંસેવક એવા સંબંધથીજ બોલશે.'

આ સંદર્ભમાં પંડિત દીનદયાળજી માત્ર પોતાના અંગે સજાગ હતા એટલું જ નહિ પોતાના કાર્યકર્તાઓને પણ સજાગ કરતા રહેતા હતા. જનસંઘની શરૂઆતના દિવસોમાં દિલ્હીમાં એક બેઠક પૂરી થયા પછી બહાર આવ્યા અને કાંઈક ખાવાપીવાની વ્યવસ્થા અંગે વિચારી રહ્યા હતા. પંડિતજીએ કહ્યું 'ચાલો, ઝંડેવાલામાં જઈશું, બધી વ્યવસ્થા થઈ જશે'... અને પછી તેમણે કહ્યું, 'ઝંડેવાલામાં જતા રહોય, ત્યારે ભોજન કરવાથી રાજકીય ક્ષેત્રમાં પણ આપણું મગજ ઠેકાણે રહેશે.' અર્થાત્, સંઘની સંસ્કારપ્રણાલી સાથે આપણો સંબંધ જાળવી રાખો.

પૂ. ગુરુજીએ પોતાની આગવી શૈલીમાં મને પણ એક પાઠ શીખવ્યો હતો. હું સંઘનો પ્રચારક રહ્યો તો પણ 'શેડ્યુલ કાસ્ટ ફેડરેશન'ના નેતા તથા કાર્યકર્તાઓની સાથે મધુર સંબંધો જાળવી રાખવા માટે હું તેઓની સાથે કામ કરતો હતો. એક દિવસ પૂ. ગુરુજીની પાસે બેઠો હતો. શ્રી આબાજી થત્તે પણ હતા. આથી. પૂ. ગુરુજીએ પૂછ્યું, 'હવે તમે 'શેડ્યુલ કાસ્ટ ફેડરેશન'માં કામ કરો છો તો સવારે શાખા પર જવાનું તો નહીં થતું હોય ?' મેં કહ્યું, હવે શાખા પર જવું મુશ્કેલ બની રહે છે. 'શેડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશન'ના કાર્યકર્તાઓની ટેવ જ એવી હોય છે કે સાંજના સમયે બેઠકો શરૂ થાય તે મોડી રાત સુધી ચાલે છે અને સવારે જલ્દી ઉઠવાનું નથી થતું.' એ પછી શેડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશનના નેતાઓ તથા કાર્યકર્તાઓની સાથે સંપર્ક કરવામાં ક્યાં સુધી સફળતા મળી એવો પ્રશ્ન પૂ. ગુરુજીએ પૂછ્યું. મેં બધી જ બાબતો દર્શાવી. શ્રી ગુરુજીએ કહ્યું, 'ઘણું જ સારું કામ કર્યું છે. એમાં માનસિક કષ્ટ પણ આપે ઘણું જ સહન કર્યું હશે.' શ્રી ગુરુજીએ આવું કહ્યું તેથી મને આનંદ થયો. એમ લાગ્યું કે અત્યાર સુધી કરેલ કાર્યને ગુરુજીએ માન્યતા પ્રદાન કરી છે. એકાદ મિનિટ પછી ગુરુજીએ કહ્યું, 'શેડ્યુલ્ડ કાસ્ટ ફેડરેશન'ના લોકોની સાથે સંપર્ક કરવામાં આટલો બધો સમય આપવો પડે છે અને આથી સ્વાભાવિક છે કે શાખા પર આવવું શક્ય બનતું નથી. છેલ્લા ત્રણ - ચાર દિવસથી આબા કરી રહ્યા છે કે દત્તોપંત શાખા પર આવવા નથી. મેં આબાને સમજાવ્યું કે દત્તોપંત માને છે કે હું જે કામ કરી રહ્યો છું તે સંઘકાર્ય જ છે. સંઘની પ્રેરણાથી જ કરી રહ્યો છું. આ દૃષ્ટિથી હું ચોવીસ કલાક હું સંઘનું જ કામ કરી રહ્યો છું. આના કારણે શાખા પર જઈ ન શક્યા તો તેમાં તલીફ શું છે ? કેમ દત્તોપંત એવું જ છે ને ?

હવે હું ગભરાઈ ગયો હતો. પહેલાં મને લાગ્યું હતું કે મારી પ્રશંસા કરી રહ્યા છે. હવે ધ્યાનમાં આવ્યું કે વાત એકદમ બદલાઈ રહી છે. હું નતમસ્તકે ચુપચાપ બેઠો. શ્રી ગુરુજીએ ફરીથી પૂછ્યું. 'કેમ દત્તોપંત એવું જ છે ને ? મેં મહા મહેનતે માત્ર ગરદન હલાવી. આ અંગે ગુરુજીએ કહ્યું, 'આબા સાંભળી લ્યો, એ શું કહી રહ્યા છે ?' અને પછી મને કહ્યું, 'હું ત્રણ ચાર દિવસથી આબાને સમજાવી રહ્યો છું, પરંતુ મારી વાત એના ધ્યાનમાં આવતી નથી. એ મને પણ દરરોજ સંઘસ્થાન પર આવવાનો આગ્રહ કરે છે. હું તેને કહી રહ્યો છું કે અરે, હું સરસંઘચાલક છું. સંઘ સિવાય મારા જીવનમાં અન્ય કાંઈ જ નથી. મારી જે કાંઈ પણ પ્રવૃત્તિ રહે છે તે સંઘકામનો જ તો ભાગ છે. હું ચોવીસે કલાક સંઘ સિવાય અને કોઈપણ કામ કરતો નથી તો મારા પર આવું દબાણ શા માટે કે મારે દરરોજ શાખા માટે એક કલાક આપવો જોઈએ. હું સમજાવું છું, પરંતુ આબા માનતો જ નથી.' આ અંગે કોઈપણ પ્રતિક્રિયા વ્યક્ત કરવી સંભવ જ ન હતી. શ્રી ગુરુજી શું સંકેત કરી રહ્યા છે એ બધાના ધ્યાનમાં આવ્યું. મારા તો ધ્યાનમાં આવ્યું જ અને ત્યારથી મેં દરરોજ શાખા પર જવાનું શરૂ કરી દીધું.

**કલ્પવૃક્ષની શક્તિનું રહસ્ય :**

વિવિધ ક્ષેત્રમાં જનારા કાર્યકર્તાઓના મનમાં બીજી પણ એક સ્પષ્ટ તથા દૃઢ ધારણા હોવી જોઈ. આપણે કહીએ છીએ કે સંઘનું સંગઠન એ કલ્પવૃક્ષ સમાન છે. આ સંગઠન દ્વારા આપણને જે શક્તિ મળે છે તે શક્તિ આપણા સિદ્ધાંતોની તથા આપણા જીવનમૂલ્ય અને વ્યવહારસૂત્રોની છે. આવી શક્તિ સાથે આપણે વિવિધ ક્ષેત્રોમાં જઈએ છીએ. જો આ શક્તિનો ઉપયોગ તે ક્ષેત્રમાં સંગઠનને વધારવા ન કરતા પોતાના અંગત સ્વાર્થને વધારવા કરીશું તો સંગઠનની પોતાની શક્તિ પણ ઓછી થઈ જશે. આપણા ખોટા વ્યવહારોની ખરાબ અસર સંગઠનની શક્તિ પર પણ થશે. આવા લોકો અંગે એલકઝાંડર પોપે કહ્યું - "Born for the Unverse, narrowed his mind and gave to his party, what was meant for mankind" અર્થાત્, સમગ્ર માનવજાત માટે જન્મેલ વ્યક્તિએ પોતાનું મન સાંકડું કર્યું અને જે સમગ્ર માનવતા માટે કરવાનું હતું તે પોતાના નાનકડા જૂથ માટે એણે કહ્યું. શ્રી ભાનુપ્રસાદ શુકલે આપેલ એક ઉદાહરણ તો ઘણું જ ઉદ્‌બોધક છે. એક રાજાએ લડાઈમાં હારવાને કારણે જીવ બચાવી ભાગવું પડ્યું. હવે ક્યાં છુપાઈ જાય ? આ વિચારથી ભાગતાં ભાગતાં જંગલમાં એક આશ્રમ પાસે આવ્યો. આશ્રમ જોઈને ખૂબ જ આનંદ થયો. આશ્રમના પ્રમુખ ઋષિને સષ્ટાંગ પ્રણામ કરીને પોતાની કહાણી દર્શાવી. ઋષિએ કહ્યું અહીં આરામથી રહો. અહીં તમારા પર કોઈ હુમલો કરી શકશે નહીં...

*ક્રમશઃ*

---

# મૂલ્યવર્ધન માટે પ્રોસેસિંગ યુનિટમાં પ્રોત્સાહન



**અનુસૂચિત જાતિ, જનજાતિ, મહિલા, નાના- સિમાંત ખેડૂત, રાજ્ય કૃષિ યુનિ.ના ડીપ્લોમાં / સ્નાતક / અનુ.સ્નાતક, બી.આર.એસ. સખીમંડળ, ફાર્મર્સ પ્રોડ્યુસર, ગ્રૂપ, ફાર્મર્સ ઈન્ટરેસ્ટેડ ગ્રૂપ, સહકારી મંડળીને ખર્ચના ૭૫ ટકા અથવા રૂા. ૩ લાખ બેમાંથી જે ઓચું હોય તે જ્યારે સામાન્ય વર્ગના ખેડૂત, ખેડૂત ગ્રૂપને ખર્ચના ૫૦ ટકા અથવા રૂા. ૨ લાખ બેમાંથી જે ઓછું હોય ચે મળતી સહાય.**

રાજ્યમાં ખેડૂતો ઉત્તમ મહેનત થકી ગુણવત્તાવાળી પેદશો તૈયાર કરે છે. ખેતી પાક તૈયાર થાય ત્યારે જો તેનું યોગ્ય રીતે ગ્રેડિંગ કરવામાં ન આવે તો જોઈએ તેવા ભાવ મળતા નથી. ખેડૂતો ઉત્પાદિત માલની ગુણવત્તા મેળવવા પ્રોસેસિંગ અપનાવવામાં આવે તો ઉત્પાદિત વસ્તુના ઊંચા દામ મેળવી શકાય છે. ધાન્ય, કઠોળ વગેરે પાકમાં ગ્રેડ મુજબ ભાવ મળતા હોય છે. ખેતીમાં પેદાશો તૈયાર કરવામાં આવે છે. પાક તૈયાર થયે તેને ખળામાં લઈ જઈને મેન્યુઅલી કે પછી થ્રેસરની મદદથી દાણા છૂટાં પાડવમાં આવે છે. આ દરમિયાન છોડમાં ઘણાં દાણાની સાઈઝ નાની હોય કે ઘણાં દાણા ખૂબ જ મોટી સાઈઝ હોય છે. જો તેને અલગ વકલ તૈયાર કરવામાં આવે તો મોટી સાઈઝના દાણાના ભાવ ઊંચા મેળવી શકાય છે. અત્યારે ખેડૂતો મોટે ભાગે ખેતરમાં પકવેલો માલ તૈયાર થાય એટલે થ્રેસિંગ કરી કોથળા ભરીને સીધા માર્કેટમાં આવી જાય છે. જ્યાં દાણાની ગુણવત્તા ઘટે છે. પરંતુ આ જ માલને પ્રોસેસ કરવામાં આવે તો ક્વોલિટી માલ તૈયાર તતાં તેના ઊંચા દામ મળી રહેતા હોય છે.

ખેતીમાં ઉત્પાદિત તમામ વસ્તુઓની પ્રોસેસ કરવી જરૂરી છે. વેપારીઓ મોટા પ્રોસસિંગ યુનિટમાં પદ્ધતિસર માલ તૈયાર કરી નિકાસ પણ કરતા હોય છે. નાના ખેડૂતો પણ ઊંચા દામ મેળવી શકે તે માટે પાક મૂલ્યવૃદ્ધિ થવી જરૂરી છે. ખેડૂતોને ઊંચા દામ અપાવવા અને પોતાના માલની પોતે જ ગ્રેડિંગ પ્રોસેસિંગ કરી ગુણવત્તાવાળો તૈયાર કરી શકે તે માટે ખાસ પ્રોત્સાહન આપવામાં આવે છે. પ્રોસેસિંગ યુનિટ ખેડૂત સ્વતંત્ર રીતે, નાના ખેડૂતો ભેગા મળીને પોતાનું ગ્રૂપ બનાવીને પણ કરી શકે છે.

ખેડૂતોને પાક મૂલ્યવૃદ્ધિ માટે પ્રોત્સાહન આપવાની યોજના અંતર્ગત ખેડૂતોને પ્રાઈમરી પ્રોસેસિંગ યુનિટ - સેકન્ડરી પ્રોસેસિંગ યુનિટ માટે અનુસૂચિત જાતિ. જનજાતિના ખેડૂત, મહિલા ખેડૂત, નાનાં - સિમાંત ખેડૂ, રાજ્ય કૃષિ યુનિવર્સિટીના સ્નાતક / અનુસ્નાતક, બી. આર. એસ. સખીમંડળ (ગ્રામ વિસ્તારના), ફાર્મર્સ પ્રોડ્યુસર ગ્રુપ, ફાર્મર્સ ઈન્ટરેસ્ટેડ ગ્રુપ, સહકારી મંડળીને ખર્ચના ૭૫ ટકા અથવા રૂા. ૩ લાખ બેમાંથી જે ઓછું હોય તે સહાય આપવામાં આવે છે. સામાન્ય વર્ગના ખેડૂત ગ્રૂપને ખર્ચના ૫૦ ટકા અથવા રૂા. ૨.૦૦ લાખ બેમાથી જે ઓછું હોય તે સહાય આપવામાં આવે છે. પ્રોસેસિંગ યુનિટ માટે ખાતા દ્વારા વખતો વખત જાહેર કરેલ પ્રાઈઝ ડીસ્કરવરીના હેતુ માટે તૈયાર કરેલ પેનલમાં સમાવિષ્ટ ઉત્પાદકના અધિકૃત વિક્રેતા પાસેથી અન્યથા કેન્દ્ર સરકાર દ્વારા અન્ય યોજનાઓમાં તૈયાર કરેલા ઉત્પાદકોની યાદી અથવા સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉત્પાદિત મશીનરી લાભાર્થીએ ખરીદી કરવાની રહેશે. આ યોજના અંતર્ગત પાંચ વર્ષે લાભાર્થી પુનઃ અરજી કરી શકાય છે. રાજ્યનો સંભવિત લક્ષ્યાંક ૧,૦૦૦ નક્કી કરાયો છે. જેમાં વહેલા તે પહેલાના ધોરણે અરજી સ્વીકારવામાં આવે છે આ યોજનાનો લાભ લેવા માટે તા. ૧૫-૬-૨૦૧૭ થી ૧૪-૭-૨૦૧૭ સુધી આઈખેડૂત પોર્ટલ પર ચોક્કસ માહિતી ભરી અરજી કરી શકાય છે. રાજ્યનો સંભવિત લક્ષ્યાંક જિલ્લા પ્રમાણે જુદો જુદો છે.

## કર્ણાટક સરકારે ખેડૂતોનું રૂા. ૫૦ હજાર સુધીનું દેવુ માફ કર્યુ

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધરમૈયાએ ખેડૂતોનું રૂા. ૫૦ હજાર સુધીનું સરકારી દેવુ માફ કરવાની જાહેરાત કરી છે. જેમાં કર્ણાટકની સહકારી બેંકો પાસેથી ધિરાણ લેનાર ખેડૂતોને



આ દેવા માફીનો લાભ મળશે. પ્રાપ્ત માહિતી પ્રમાણે આ નિર્ણયથી કર્ણાટકના ૨૨ લાખથી વધુ ખેડૂતોમનું દેવુ માફ થશે. આ માટે કર્ણાટક સરકાર ઉપર ૮ હજાર કરોડનું ભારણ આવશે.

ઉત્તર પ્રદેશ, મહારાષ્ટ્ર અને પંજાબ બાદ ખેડૂતોનું દેવુ માફ કરનાર કર્ણાટક દેશનું ચોથુ રાજ્ય બન્યુ છે. કર્ણાટકમાં હાલ કોંગ્રેસનું શાસન છે અને આગામી વર્ષે વિધાનસભાની ચૂંટણી છે. ખેડૂતોના દેવા માફ કરવાના કારણે આગામી વિધાનસભા ચૂંટણીમાં કોંગ્રેસને પોતાની સત્તા ટકાવી રાખવાનો વધુ એક મુદ્દો મળ્યો છે.

## કઠોળ, કપાસ, મગફળીના ટેકાના ભાવમાં વધારો કરાયો

કેન્દ્ર સરકારે આ ચોમાસુ સિઝન માટે વિવિધ કૃષિ પેદાશોના ટેકાના ભાવમાં નોંધપાત્ર વધારો કર્યો છે. પ્રાપ્ત માહિતી પ્રમાણે કેન્દ્ર સરકારે આ અંગેનો એક પત્ર રાજ્ય સરકારોને મોકલી દીધો છે. જેમાં તુવેર અને અડદના ટેકાના ભાવ પ્રતિ મણ રૂા. ૮૦નો વધારો કરાયો છે. આથી તુવેરનો ટેકાનો ભાવ હવે પ્રતિમણ રૂા. ૧૦૯૦ અને અડદનો રૂા. ૧૦૮૦ થયો છે. મગના ટેકાના ભાવમાં પ્રતિ મણ રૂા. ૭૦નો વધારો કરવામાં આવતા હવે મગનો ટેકાનો ભાવ વધીને પ્રતિ મણ રૂા. ૧૦૯૫ થયો છે. જ્યારે મગફળીના ટેકાના ભાવમાં પ્રતિ મણ રૂા. ૪૬નો વધારો થતા હવે મગફળીનો ટેકાનો ભાવ પ્રતિમણ રૂા. ૮૯૦ થયો છે. આ ઉપરાંત કપાસના ટેકાના ભાવમાં પણ પ્રતિ મણ રૂા. ૩૨નો વધારો થયો હોવાની માહિતી મળી રહી છે.

## સંક્ષિપ્ત સમાચાર



સૌજન્ય : એગ્રી સાયન્સ

### દેશભરમાં હાઈબ્રીડ બિયારણના ભાવમાં ૧૦ ટકાનો ઘટાડો...

કપાસ સિવાયના તમામ પ્રકારના હાઈબ્રીડ બિયારણના ભાવમાં ૧૦ ટકા ઘટાડો થયો છે. ગત ૧૬ જૂને નવી દિલ્હી ખાતે કેન્દ્રિય કૃષિ મંત્રી રાધામોહન સિંહ અને નેશનલ સીડ્સ એસોસિએશનના પ્રતિનિધિઓ વચ્ચે બેઠક યોજાઈ હતી. જેમાં ખેડૂતો પર આર્થિક ભારણ ઓછુ થાય એ માટે આ ચોમાસુ સિઝન માટે હાઈબ્રીડ બિયારણોના ભાવમાં ૧૦ ટકા ઘટાડો કરવા સીડ્સ એસોસિએશન દ્વારા નિર્ણય લેવામાં આવ્યો હતો. જેમાં બિયારણની એમ.આર.પી. ઉપર ૧૦ ટકા ઘટાડીને ખેડૂતને વેચાણ કરવામાં આવશે. નેશનલ સીડ્સ એસોસિએશનના ચેરમેન એણ. પ્રભાકર રાવ સહિતના પ્રતિનિધિઓએ આ સપ્તાહથી જ ખેડૂતોને ભાવ ઘટાડાનો લાભ મળશે એવો આશાવાદ સેવ્યો છે. કપાસ બિયારણના ભાવ પર પહેલેથી જ સરકારે નિયંત્રણ લગાવ્યુ છે. આથી કપાસ સિવાયના તમામ બિયારણના ભાવ ઘટશે.

### બનાસ દાણના ભાવમાં ૭૦ કિલોની બોરીએ રૂા. ૬૦નો ઘટાડો...

બનાસ ડેરી દ્વારા બનાસ દાણના ભાવમાં ઘટાડો જાહેર કરવામાં આવ્યો છે. આ ભાવ ઘટાડો તાત્કાલિક અસરથી અમલી બનશે. બનાસ દાણની ૭૦ કિલોની બોરીની કિંમત રૂા. ૧૨૫૦ હતી એમાં રૂા. ૬૦નો ઘટાડો કરવામાં આવ્યો છે. આથી બોરીની કિંમત હવે રૂા. ૧૧૯૦ થઈ છે. પશુપાલકોને આ ભાવ ઘટાડાથી થોડી રાહત ચોક્કસ થશે. ગુજરાત સરકારે એક મહત્વનો નિર્ણય લઈને ખેડૂતોને પોતાની જમીનમાં ઉગતા મોટાભાગના વૃક્ષો કાપવાની મંજુરી આપી દીધી છે. ખેડૂતને પોતાના ખેતરમાં થતા વૃક્ષોને કાપવા માટે પણ મંજુરી લેવી પડતી હતી. સરકારે આ નિયમને બદલીને મોટાભાગના વૃક્ષો ખેડૂત પરવાનગી વગર કાપી શકે એ અંગેનો ફેરફાર કર્યો હતો.

### પંજાબમાં નાના અને સિમાંત ખેડૂતોનું રૂા. ૨ લાખ સુધીનું દેવુ માફ

પંજાબ સરકારે પાંચ એકર સુધી જમીન ધરાવતા ખેડૂતોનું રન. ૨ લાખ સુધીનું સરકારી દેવુ માફ કરવાની જાહેરાત કરી છે. પંજાબના મુખ્યમંત્રી કેપ્ટન અમરિંદરસિંહે સોમવારે વિધાનસભામાં આ જાહેરાત કરી હતી. જ્યારે આત્મહત્યા કરી ચુકેલા ખેડૂતોનું દેવુ માફ થશે તેમજ તેઓના પરિવારને રૂા. ૫ લાખની આર્થિક સહાય ચુકવવામાં આવશે. સરકારના આ નિર્ણયથી પંજાબમાં ૧૦ લાખથી વધુ ખેડૂતોને દેવા માફીનો લાભ મળશે. ખેડૂતોના દેવા માફીની જાહેરાત કરનાર પંજાબ દેશનું ત્રીજું રાજ્ય બન્યું છે. આ પહેલાં ઉત્તર પ્રદેશ અને મહારાષ્ટ્રમાં રાજ્ય સરાકરો દ્વારા ખેડૂતોના દેવા માફીની જાહેરાત થઈ ચુકી છે.

## માવજતથી ફૂલ અને ફળનું ખરણ ઘટાડો

બીજથી સંવર્ધન કરેલા જાંબુના ઝાડમાં રોપણી બાદ ૮ થી ૧૦ વર્ષ તેમજ વાનસ્પતિક સંવર્ધનથી તૈયાર કરેલ જાંબુમાં ૪ થી ૫ વર્ષે ફળ આવે છે. ગુજરાતમાં જાન્યુઆરીના બીજા અઠવાડિયાથી ફૂલ આવવાની શરૂઆત થઈ જાય છે. અને ફૂલ આવ્યાથી આશરે ૩.૫ માસમાં પરિપક્વ ફળો મળે છે. હાલમાં ધીમે ધીમે બજારમાં જાંબુની આવક ચાલુ થઈ રહી છે. જાંબુમાં ૫૦ થી ૬૦ ટકા ફૂલ તથા ફ ખરી પડે છે. જાંબુમાં આશરે ૧૦ થી ૧૫ ટકા ફૂલમાંથી જ ફળ પરિપકવ થાય છે આથી થતા ફૂલ તથા ફળનું ખરણ અટકાવવા માટે જીબ્રેલિક એસિડ ૫૦ થી ૬૦ પીપીએમ દ્રાવણનો એક છંટકાવ ફૂલ આવે ત્યારે અને બીજો છંટકાવ ફળ ધારણ થયા પછી ૧૫ દિવસે





'કિસાન સંદેશ' સાપ્તાહિકમાં ખેતી વિષયક લેખો, તથા સમગ્ર રાજ્યમાં બનતી અવનવી ઘટનાઓ પ્રસિદ્ધ કરવા માટે સંપર્ક કરો
'બલરામ મંદિર પરિસર'
સે.૧૨/ડી, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૪૯૧૬


## ભાજીપાલામાંથી ખેડૂતની ભપકાદાર કમાણી...

રાજકોટ જિલ્લાના ધોરાજી ગામના ખેડૂત દંપતી રમાબેન દિનેશભાઈ ગેવરીયા એ અડધા ભાગે ભાજીપાલો મેથી તથા કોથમીરની ખેતી અપનાવી છે. ખેતી બાબતે વાત કરતાં દંપતીએ જણાવ્યું હતું કે, ભાજીપાલો મેથી તતા કોથમીર તેમજ ગલકાંની ખેતી અમારી ત્રણ પેઢીથી અપનાવવામાં આવી છે. ઉનાળે મેથી તથા કોથમીર લીલીની ખેતીમાં ધાર્યા કરતાં વધારે કમાણી મળે છે. નાનો ખેડૂત હોય પાંચ વીઘા જમીન હોય અને કુવાનું પાણી મીઠું હોય તો પાંચ વીઘામાં માત્ર ઉનાળે જ પાંચ લાખની કમાણી મળી જાય છે. શિયાળો ચોમાસુ ખેતીની અલગ આવક મળે છે.

અમારી પોતાની ૬ વીઘા જમીન છે. જેમાં કુવાનું પાણી નબળું હોઈ ચોમાસુ, શિયાળુ પાક લીધા બાત ઉનાળામાં મિત્રની જમીન અડધા ભાગે રાખી લેવામાં આવે છે. અત્યારે કુલ એક એકરમાં ધાણાનો પાક કાઢી હુતાસણીએ સાદી ખેડ કરી પાયામાં છાણિયું ખાતર તથા ૪ કિલો રાસાયણિક ખાતર આપી વીઘે ૪ કિલો બિયારણનો ઉપયોગ કરી હુતાશની ઉપર મેથીનું વાવેતર કરેલું છે. કુલ ૮ ક્યારા મેથીના છે. વાવેતરમાં એક ક્યારામાં મેથી ઉગી નીકળે ત્યારબાદ બીજો વાવેતર કરવાનો આમ એક પછી એક આઠ ક્યારામાં ઉગી નીકળ્યા બાદ વારાફરતી વાવેતર ચાલુ રાખવાનું એટલે ઉત્પાદન દરરોજ મળતું રહે છે. વાવેતર પછી તુરત જ પિયત આપી દેવાનું અને ઉનાળે ઉગી નીકળ્યા બાદ દરરોજ ઠંડા પહોરે સાંજે કે વહેલી સવારે નિયમિત પાણી આપીએ છીએ. પાક ઉગી નીકળ્યા પછી ૧૫ દિવસ ચુસીયા પ્રકારની જીવાત આવે કે કોઈ રોગ આવે ત્યારે ભલામણ મુજબની દવાઓનો છંટકાવ કરવામાં આવે છે.

મેથીનો એક ક્યારો એટલે પાક ૨૭ દિવસે તૈયાર થાય અને એક ક્યારામાં ત્રણ વખત નવું વાવેતર કરી કુલ ૩ વખત મેથીની ભાજી મળે છે. આ જ પદ્ધતિથી લીલી કોથમીરનું પણ વાવેતર કરવામાં આવે છે. કોથમીરના બે ઉત્પાદન મળે છે. એક ક્યારામાંથી ૧,૨૦૦ થી ૧,૫૦૦ પૂળી લીલી મેથીનું ઉત્પાદન મળે છે. આમ હુતાશનીથી જેઠ ઉતરતા કુલ ૩ વખત ઉત્પાદન મળતા ૪૦૦૦ થી ૪૫૦૦ ઝુડી મેથી મળે છે. મેથી અને લીલા ધાણઆનું ધોરાજી યાર્ડમાં વેચાણ કરવામાં આવે છે. જ્યાં એક ઝુડીના ૩ રૂપિયાથી લઈને ૮ રૂપિયે વેચાણ થાય છે. છેલ્લે ઉનાળે એક ઝૂડીના ૨૦ રૂપિયા ભાવ પણ મળે છે. લીલી મેથીના વેચાણથી સવા લાખ રૂપિયાની આવક થાય છે. લીલી કોથમીરમાંથી પણ ૫૦ થી ૬૦ હજાર રૂપિયા નું વેચાણ મળે છે. જાત મહેનત કરો એટલે મજુરી ખર્ચ બચે. માંડ ૫૦૦૦ રૂપિયાનો બીજ, દવા, ખાતર ખર્ચ થાય છે. કાયમ ઉઠીને બીજાને ત્યાં મજુરી કરવી તેના કરતાં ઘરની ટૂંકી જમીન કે ઉધડ રાખી મહેનત કરવાથી ઉનાળે જ બે લાખનું વેચાણ મળે તો શિયાળે, ચોમાસાનું અલગ કહેવાય ભાજીપાલાની ખેતીમાં ટૂંકાગાળામાં ઉત્તમ કમાણી થાય છે. મહેનત પડે પણ આવક સારી રહે છે.

## રાજ્યની સહકારી સંસ્થા ગુજ કોમાસોલના સાબરકાંઠા જિલ્લાના ડીરેક્ટર તરીકે સા.કા.ડી.બેંકના ચેરમેન શ્રી મહેશભાઈ એ. પટેલ ચુંટાયા

હાલમાં જ યોજાયેલ રાજ્યની અગ્રણી સહકારી સંસ્થા ગુજકોમાસોલના નવા નિયામક મંડળની ચુંટણી યોજાતા સા.કાં.જિ.મ. બેંકના યુવાન ઉત્સાહી અને દિર્ઘદષ્ટિ ધરાવતા શ્રી મહેશભાઈ પટેલનો ભારે બહુમતિથી વિજય થયો છે. તેમના નેતૃત્વમાં જિ. બેંક સતત અનેક સોપાનો સર કરીને આગેકૂચ કરી રહી છે. તેમના ચુંટાવાથી જિલ્લાના સહકારી માળખા - કિસાનો માટે વધુ સારુ કાર્ય થશે તેવી અપેક્ષા



રાખવામાં આવે છે. કિસાનોના પ્રશ્નોની સતત ચિંતા કરતા હોય છે અને ભા.કિ. સંઘના સંગઠન માટે પણ તેમનો સહયોગ સતત રહે છે. ત્યારે તેમના વિજય બદલ અભિનંદન સાથે શુભેચ્છાઓ.

સાથે જ અરવલ્લી જિલ્લાના ડીરેક્ટર તરીકે ધનસુરા તાલુકાના વડાગામના ક્વોરી ઉદ્યોગના અગ્રણી સમાજના આગેવાનશ્રી જગદીશભાઈ એસ. પટેલ ચુંટાયા છે. તેમને પણ અભિનંદન સહ શુભેચ્છાઓ...

# ગાય અને કૃષિ

ડૉ. હિતેશભાઈ જાની (હેડ-પંચકર્મ વિભાગ)
ગુજરાત આયુર્વેદિક યુનિવર્સિટી, જામનગર




કૃષિ અને પશુ પાલન એ સમાજમાં આપણા ખોરાકના મુખ્ય સ્રોત માનવમાં આવે છે.

प्राणा प्राणभृतामन्नमन्नं लोकोऽभिधावति ।
वर्णः प्रसादः सौसर्व्य जीवितं प्रतिभा सुखम् ॥ ३४६
तृष्टिः पुष्टिर्बलं मेघा सर्वमन्ने प्रतिष्ठितम् ।
लौकिकं कर्म यद्वृत्तौ स्वर्गतौ यच्च वैदिकम् ॥ ३५०
(ચરક સંહિતા સૂત્રસ્થાન - ૨૭)

ખોરાક એ દરેક જીવિત વસ્તુઓનું જીવન છે. અને સમગ્ર દુનિયાને ખોરાકની જરૂર છે. રંગ દેખાવ, સારો કંઠ, લાંબુ જીવન, સમજણ સુખ, સંતોષ વિકાસ, શક્તિ અને ચાતુર્ય એ બધું જ ખોરાક આધારિત છે.

દુન્યવી સુખ માટે જે ફાયદાકારક છે, વેદોને અનુલક્ષીને જે સ્વર્ગ તરફ લઈ જાય છે, જે આધ્યાત્મિક રીતે મુક્તિ તરફ લઈ જાય છે. તે ખોરાક છે. જેમ અન્ન અને પ્રાણનો સંબંધ છે તેમ ઋષિ પરાશર પ્રમાણે હવે આપણે અન્ન અને કૃષિનો સંબંધ જોઈએ.

अन्नं प्राणा बलं चान्नमनं सर्वार्थसाधनम् ।
देवासुरमनुष्याश्च सर्वे चान्नोपजीविनः ॥ ६ ॥
अन्नं हि धान्यसंजातं धान्यं कृष्या विना न च ।
तस्मात्सर्वं परित्यज्य कृषिं यत्नेन कारयेत् ॥ ७ ॥
कृषिर्धान्या कृषिर्मेघा जन्तूनां जीवनं कृषि ।
हिंसादिदोषयुक्तोऽपि मुच्यतेऽतिथिपूजनात् ॥ ८ ॥
કૃષિ પરાશર

અન્ન એજ જીવન છે. અન્ન એજ શક્તિ અને એજ સર્વસ્વ છે. તેજ દાનવ, માનવ અને દેવ છે. અન્ન એટલે મોટાભાગે અનાજ, જે કૃષિ વગર શક્ય નથી. જેથી દરેકે કૃષિનું મહત્વ સમજવું જોઈએ. કૃષિ એ વરદાન છે. કૃષિ એ પવિત્ર છે. લોકહિત માટે ખેડૂતો દ્વારા થતી ભુલો પણ માફીને પાત્ર છે.

**કૃષિની હાલની સ્થિતિ**

આધુનિક વિજ્ઞાન અને ટેકનોલોજીએ લોકોની સુખાકારી અર્થે કુદરતી સંસાધનોનો ઉપયોગ કરવા માટે મહત્વનું યોગદાન આપેલ છે. ભૌતિક સુખ સગવડોની ઘેલછામાં આપણે કદાચ ખુબ ઝડપથી ખુબ આગળ જતા રહ્યા છીએ. આપણે કુદરતી સંસાધનોનો વધારે પડતો અને અવિવેકી ઉપયોગ કરવા માંડ્યા છીએ. જેના લીધે હવે પર્યાવરણમાં ફેરફારો જેમકે ગ્લોબલ વોર્મિંગ, ઋતુચક્રમાં ફેરફારો જમીનની ફળદ્રુપતામાં ઘટાડો નોંધાવા લાગ્યો છે.

રાષાયણિક અને જંતુનાશક દવાઓના ઉપયોગને લીધે પશ્ચિમી દેશોમાં ખતરો વધ્યો છે. જમીનની ફળદ્રુપતાનું બંધારણ ફરી રહ્યું છે. ફળદ્રુપતા નાશ પામી રહી છે. અનાજ, ફળ, શાકભાજી, ઔષધિ ઉપરાંત પાણી પણ રાષાયણિક અને જંતુનાશક દવાઓના ઉપયોગને લીધે પ્રદુષિત થઈ રહ્યા છે. આ ઝેરી ઉત્પાદનોના ઉપયોગને લીધે આપણે વિવિધ જન્મજાત / વારસાગત રોગોને આમંત્રણ આપી રહ્યા છીએ. જે માનવજાત સામે અત્યાર સુધીનો સૌથી મોટો ખતરો છે.

ભારત પણ આ પ્રકારના કહેવાતા વિકાસ પાછળ તેને આદર્શ માની અને રાષાયણિક અને જંતુનાશક દવાઓના આધારે કેટી પાછળ ઘેલું થયું છે.

પરંતુ વાતાવરણના નુકશાન અને ખેતીના હંગામી ફાયદા બાદ થતા મોટા નુકશાનને કારણે લોકોની માંગ હવે ફરી જુની સજીવ ખેતી તરફ વધી છે.

વિશ્વને હવે કુદરતી ખેતીના ફાયદાઓની જાણ થતાં તે તરફ વળવા માંગે છે. ભારત એ કુદરતી ખેતી માટે વૈશ્વિક કેન્દ્ર હોવાથી તે બીજા રાષ્ટ્રોને પણ આ બાબતમાં મદદ કરી શકે તેમ છે. ભારત હંમેશા કૃષિપ્રધાન દેશ રહ્યો છે. ભારતમાં કૃષિ ઉત્પાદનો, તે ક્ષેત્રમાં રોજગારી મેળવતા લોકોની સંખ્યા એ બીજા કોઈપણ ક્ષેત્ર કરતાં વધારે છે.

**ભારતીય કૃષિ**

ગૌવંશ એ ભારતીય ખેતીનો આત્મા છે. સાંપ્રત સમયની સમસ્યાઓને ધ્યાનમાં લેતાં ભારતમાં પંચગવ્ય આધારિત ખેતી ફરીથી સ્થાપિત કરવાની જરૂરિયાત છે. યુર્વેદ અને અથર્વવેદમાં કૃષિનું મહત્વ, તેની પ્રક્રિયા તેમજ પસુ પાલન વગેરેનું સંપૂર્ણ વર્ણન કરવામાં આવેલ છે.

ઋષિ પરાશર એ ભારતીય કૃષિના પિતામહ ગણાય છે. તેમણે એક શાસ્ત્રીય કૃષિ પરાશર નામથી પુસ્તક પણ લખેલ છે. પ્રાકૃતિક ખેતી વિશે 'કૃષિ આયુર્વેદ' અને 'વૃક્ષ આયુર્વેદ' માંથી પણ માહિતી મળી આવે છે. સાંપ્રત સમયના પ્રશ્નોના નિરાકરણ માટે આપણા પ્રાચીન વિજ્ઞાનને ફરીથી સ્થાપિત કરવાની જરૂર છે.

**ગાય - કૃષિનું કેન્દ્ર (પરાશર)**

જમીનને ત્યાં સુધી જ ખેડવી જ્યાં સુધી બળદને નુકશાન ન થાય. તેમની સુખાકારીના ભોગે મેળવેલ પાક તિરસ્કૃત છે અને તેનો કોઈ જ અર્થ નથી. બળદને તેમનો ખોરાક જેમકે શેરડી, જવ, ઘઉં વગેરે પૂરતા પ્રમાણમાં આપવા જરૂરી છે. તે ગાયની જગ્યાને મજબુત, સ્વચ્છ અને ગોબર રહિત રાખે છે. તેમને કોઈ ખાસ પોષણની જરૂર પડતી નથી. તેમના આરોગ્ય અને સ્વાસ્થ્યની જાળવણી ન કરીએ તો તેમના પોષણનો કોઈ અર્થ સરતો નથી.

કાંસુ કાંસાના પાત્રમાં રાખેલ પાણી, બાફેલ ભાત કે કોઈ અનાજનો ગંદવાડ, માછલીના ઉપયોગમાં આવેલ પાણી અને કોટન જીનીંગ વગેરે ગાયના વિસ્તારની આસપાસ જો રાખવામાં આવે તો તે ખુબ નુકશાનકારક છે. જો કોઈ ગૌધન રાખવા માંગતા હોય તો ભુલથી પણ ગોબરને ફેંકી દેવું (કે બીજા કોઈને દેવું) ન જોઈએ. રવિવાર, મંગળવાર કે શનિવારના દિવસે ફેંકેલું ગોબર ગૌધન માટે નુકશાન કરે છે. તે સિવાયના દિવસોમાં તેનો નિકાલ કરવો જોઈએ.

નિષ્ણાતોના મત પ્રમાણે આંઠ ભળદને ખેતીના કામમાં ઉપયોગમાં લેવા જોઈએ. કમસે કમ છ બળદ જોઈએ. ચાર બળદને જો ઉપયોગમાં લેવામાં આવે તો તે નબળા પડે છે. બે બળદને ઉપયોગમાં લેનાર પશુધનને હાનિ પહોંચાડનારા છે.

**પંચગવ્ય - કુદરતી ખેતીનો મુખ્ય સ્રોત :**

ગૌવંશ એ ભારતીય ખેતીનો આત્મા છે. ગાય અને તેના ઉત્પાદનનો દૂધ, ગૌમૂત્ર, ગોબર વગેરે જમીનના સંરક્ષણ અને તેની ફળદ્રુપતા વધારવા માટે ખુબ ઉપયોગી છે. ગૌમૂત્ર એ પાક વધારનાર ઉત્તમ જૈવિક પદાર્થ છે. ગૌમૂત્ર અને ગોબરનો ઉપયોગ ખાતર તરીકે અને જંતુનાશક તરીકે સદીઓથી કરવામાં આવે છે.

**બળદ - સમૃધ્ધિની નિશાની :**

પ્રાચીન સમયના ચલણી સિક્કામાં બળદને સમૃદ્ધિનો નિશાની તરીકે રાખવામાં આવતો. હળ ખેંચતો બળદ એ સદીઓથી પ્રચલિત ખેતીનું સાધન ગણાય છે. બળદ એ વર્ષોથી કૃષિ અને ગ્રામીણ કામગીરીનો મુખ્ય સ્રોત ગણાય છે.

**કૃષિનું સંચાલન - સમાજ માટે એક પ્રાચીન પદ્ધતિ (કૃષિ પરાશર) :**

બીયારણ થી શરૂ કરીને પશુધનનું સંચાલન કેમ કરવું, ખાતરનું ઉત્પાદન કેમ કરવું, ખેડાણ કેમ કરવું, વાવણી કેવી રીતે કરવી - વાવેતર, લણણી વગેરે વિશે સુંદર રજૂઆત કરેલી છે. જે આપણને સાબિત કરે છે કે જો આપણે આપણી પરંપરાગત પદ્ધતિ અપનાવીશું તો ચોક્કસ ઉજ્જવળ ભવિષ્ય તરફ આગળ વધીશું. પારંપરિક ખ્યાલ ને આધુનિક સમયમાં ઢાળી અપનાવવા જોઈએ જેમાં ખરેખર ગ્રામ્ય અને શહેરી જીવનનું સાધા વગરનું જોડાણ કરવું જરૂરી છે.

ખેડૂતો સુખી સંપન્ન થાય તેવી ભાવના.... *—પરાશર*

## સાપ્તાહિક સુવિચાર

**સમય ખુબ જ બળવાન છે જ્યારે પૂર આવે છે ત્યારે માછલી જમીનમાં રહેલી કીડીઓને ખાઈ જાય છે અને જ્યારે પૂરના પાણી ઓસરી જાય છે ત્યારે કીડીઓ માછલીને ખાઈ જાય છે.**




લોક હીતમ્ મમ્ કરણીયમ્

**શ્રી કેશવ કો-ઓપરેટીવ ક્રેડીટ સોસાયટીલી. જૂનાગઢ**

મલ્ટી - ડીસ્ટ્રીક્ટ, ISO 9001-2015 પ્રમાણીત સોસાયટી
રજી. નં. સ/૩૧૧૧/૯૭, તા. તા. ૨૨/૧૦/૧૯૯૭
હેડ ઓફીસ : 'કેશ ભવન', રાણી લક્ષ્મીબાઈ ચોક, સરદારબાગ પાસે, જૂનાગઢ-૩૬૨૦૦૧
ફોન : ૦૨૮૬-૨૬૩૫૭૦૪, ૨૬૩૬૧૬૧. email : keshav.ho.jnd@gmail.com

**— 'કેશવ'નું ધ્યેય' —**

**'વ્યક્તિ ઉત્કર્ષ દ્વારા પરિવાર ઉત્કર્ષ' 'પરિવાર ઉત્કર્ષ દ્વારા ગ્રામ ઉત્કર્ષ'**
**'ગ્રામ ઉત્કર્ષ દ્વારા રાષ્ટ્ર ઉત્કર્ષ' એટલે કે 'પરમ્ વૈભવમ્ નેતુમ્ એતત્ સ્વરાષ્ટ્રમ્'**

**૩૧ માર્ચ ૨૦૧૭ ના રોજની નાણાકીય સ્થિતી :**
• શેરમૂડી : રૂા. ૧.૯૭ કરોડ • અનામતો : રૂા.૪.૨૩ કરોડ • થાપણો : રૂા. ૫૮.૭૪ કરોડ
• ધિરાણ : રૂા. ૩૯.૫૭ કરોડ • ચોખ્ખો નફો : રૂા. ૧.૪૦ કરોડ • નેટ એન.પી.એ. : 'શૂન્ય'
• સભાસદ સંખ્યા : ૨૫૦૦૦ થી વધારે

**કેશવ દ્વારા સામાજીક સેવાકીય પ્રકલ્પો :**
• શૈક્ષણિક માર્ગદર્શન • કારકીર્દી માર્ગદર્શન • વ્યવસાયી માર્ગદર્શન,
• રાષ્ટ્રી તહેવારોની ઉજવણી • સભાસદ કલ્યાણ યોજના
• ગ્રામીણ વિકાસ પ્રકલ્પ • મહીલા સશક્તિકરણ યોજના

**'કેશવની સિધ્ધીઓ' :**
(૧) ઓગણીસ વર્ષથી સમાજની સેવામાં અવિરત કાર્યરત
(૨) સ્થાપના સમયથી દર વર્ષે સતત ઓડીટ વર્ગ-અ (૩) સભાસદોને મહત્તમ ૧૫ ટકા ડિવીડન્ડ.
(૪) ૨૪ કલાકમાં ધિરાણ (૫) કેશવ દ્વારા ૧૨૪ ગામોમાં ગ્રામીણ વિકાસની પ્રવૃત્તિઓ (૬) બધીજ શાખાઓ 'કોર બેન્કીંગ સિસ્ટમ થી જોડાયેલી' (૭) સાત જિલ્લાઓમાં શાખાઓ ધરાવતી તથાૅજી ૯૦૦૧:૨૦૧૫ સર્ટીફાઈડ ગુજરાતની પ્રથમ સોસાયટી.

**'કેશવ' વિઝન ૨૦૨૦ :**
(૧) ગુજરાતના દરેક જિલ્લામાં 'કેશવ'ની શાખાઓ શરૂ કરવી. (૨) આગામી ત્રણ વર્ષમાં ગુજરાતના ૧૦૦૦ થી વધારે ગામોમાં ગ્રામીણ વિકાસની કામગીરીનું આયોજન (૩) જ્યાં જ્યાં 'કેશવ' ત્યાં ત્યાં ગ્રામીણ વિકાસ, સ્વાવલંબન અને સમૃદ્ધી.

**કેશવ ક્રેડીટની ૧૪ શાખાઓ તથા ૨ એક્સટેન્શન કાઉન્ટર સાથેનું વિશાળ નેટવર્ક :**
જૂનાગઢ, ઉના, વંથલી, મેંદરડા, કેશોદ, વેરાવળ, માણાવદર, ધોરાજી, ભાયાવદર, અમરેલી, જામ જોધપુર, પોબંદર, ગોંડલ માંગરોળ તથા જૂનાગઢમાં ૨ એક્સટેન્શન કાઉન્ટર

| | | |
|---|---|---|
| **હરસુખભાઈ પંડ્યા** | **નંદકિશોરભાઈ ગરાચ** | **છગનભાઈ પેથાણી** |
| *ચેરમેન* | *વાઈસ ચેરમેન* | *વાઈસ ચેરમેન* |
| **મનહરભાઈ સુચક** | **નરેન્દ્રભાઈ ભુત** | **સમીરભાઈ જોષી** |
| *મેનેજીંગ ડીરેક્ટર* | *જો. મેનેજીંગ ડીરેક્ટર* | *જનરલ મેનેજર* |

# શાકભાજીનો રાજા સરગવો

શાકભાજીમાં સરગવો એટલે પ્રોટીન અને ખનીજનો ખજાનો. ભરપૂર પોષણયુક્ત સરગવાને તમે શાકભાજીનો રાજા ગણાવી શકો. સરગવો મુખ્યત્વે બે રીતે ખવાય છે. એક તો એની શિંગ અને બીજાં એનાં પાંદડાં, ઘણાને પ્રશ્ન થશે કે સરગવાની શિંગનું ચણાના લોટવાળું શાક ખાધું છે. સરગવાની બાફેલી શિંગો ખાધી છે. સરગવાની શિંગને સાંભર કે કઢીમાં નાખીને ખાધી છે, પરંતુ સરગવાનાં પાન ખાધાં નથી. સરગવાનાં પાન પોષણનો ભંડાર છે. જે લોકો એના પોષણનું મહત્વ સમજે છે તેઓ આ પાનનો મઠિયા થેપલામાં નાખીને ઉપયોગ કરે છે. ઘણા આયુર્વેદિક કે નેચરોપથીવાળા લોકો આ પાનનો પાઉડર બનાવીને વેચે છે, તો ઘણા લોકો જૂસના રૂપમાં પણ એને પીવે છે.



સરગવાનાં પાન એવા છે જેમાંતી પ્રોટીન પણ મળે છે. સામાન્ય રીતે શાકભાજીમાંતી પ્રોટીન મળતું નથી, પરંતુ સરગવામાંથી દૂધ કરતા પણ વદારે પ્રમાણમાં પ્રોટીન મળે છે. ૧૦૦ મિલી લિટર દૂધમાંથી ૪ ગ્રામ પ્રોટીન મળે છે, જ્યારે ૧૦૦ ગ્રામ સરગવાના પાનમાંથી ૧૦ ગ્રામ પ્રોટીન મળે છે. ફક્ત પ્રોટીન જ નહીં દૂધ કરતાં પણ વધુ સારું કેલ્શિયમ સરગવામાંથી મળે છે. આ ઉપરાંત સરગવામાં ખૂબ વધુ માત્રામાં આયર્ન પણ મળે છે. ગાજર કરતાં વધુ વિટામીન એ, પેરુ કરતાં પણ વધુ ફોસ્ફરસ તેના પાનમાં હોય છે. વળી આ બધાં જ પોષકતત્વો સોલ્યુબલ ફોર્મમાં હોય છે. મતલબ કે એ શરીરમાં જઈને પચશે જ અને શરીરને લગભગ પૂરી માત્રામાં પોષણ મળશે એની ગેરંટી હોય છે. બીજા શાકભાજીમાં આવા ગુણ બહુ ઓછા જોવા મળે છે પરંતુ પાન કરતાં શિંગમાં એનું પ્રમાણ ઘટી જાય છે. આમ પાન વધુ ગુણકારી છે, પરંતુ શિંગ પણ બીજાં શાકભાજી કરતાં વધુ ગુણકારી છે.

સરગવાની શિંગ તો આપણે અલગ અલગ રીતે ખાઈએ છીએ, પરંતુ સૌથી શ્રેષ્ઠ રીત છે. સરગવાની શિંગ અને દૂધીનો જૂસ. આમાં સરગવાની શિંગને બાફીને દૂધીની સાથે ક્રશ કરીને જૂશ બનાવવામાં આવે છે. શિંગને ખાલી બાફેલી ખવામાં આવે તો પણ એ ઘણી જ ગુણકારી સાબિત થાય છે. સરગવાનાં પાનને કઈ રીતે ખાવા જોઈએ ? નિષ્ણાતો કહે છે કે જે રીતે આપણે પાલખની ભાજીનો ઉપયોગ કરીએ છીએ, એવી જ રીતે આપણે સરગવાના પાનનો ઉપયોગ કરી શકીએ. સરગવાનાં પાન ચડતાં વાર લાગે છે અને એનો સ્વાદ ખાસ હોતો નથી. જો એનો ખોરાકમાં ઉપયોગમાં કરો તો મસાલેદાર વાનગીમાં કરો, જેથી એનો સ્વાદ અલગથી ન આવે, જો વાનગી ન બનાવો તો સરળ જૂશ બનાવી નાખો. દરરોજ ૧૫ મિ.મિ. લિટર જેટલો સરગવાના પાનનો જૂશ ખૂબ જ ગુણકારી રહેશે.

સરગવાનાં પાન તથા શીંગ ગાય કે ભેંસને ખાણમાં આપવાથી ફેટ તથા દૂધમાં વધારો મેળવી શકાય છે.

**ફાયદા શું છે ?**

- સરગવાની શંગ અને પાન ખાવાથી વ્યક્તિને શું ફાયદા થઈ શકે એ જાણીએ નિષ્ણાત ડાયેટીશીયન પાસેથી...
- સરગવાની શિંગ અને પાન ગર્ભવતી મહિલાઓ, સ્તનપાન કરાવતી મહિલાઓ મેનોપોજ ચાલતો હોય તેવી મહિલાઓ, ટીબીના દર્દીઓ, રુમેટોઈડ, આર્થરાઈટીસના દરદીઓ, કોઈ પણ જાતની માંદગીમાંથી ઊભા થયા હોય તેવા લોકો માટે અકસીર સાબિત થઈ શકે છે.
- જે કોઈને પાચનને લગતા કોઈ પ્રોબ્લેમ હોય, ગેસ એસિડિટીની તકલીફ હોય તેમને પણ સરગવાથી ઘણો લાભ થાય છે.
- સરગવામાં રહેલાં પોષકતત્વો વ્યક્તિનો રેઝિસ્ટન્સ પાવર વધારે છે. જેથી તેની રોગ પ્રતિકારક શક્તિ પ્રબળ બને છે અને રોગો સામે લડી શકવા તે વધુ સક્ષમ બને છે.
- સરગવાના સેવાનથી નાડીને લગતા પ્રોબ્લેમ જેવાં કે ખાલી ચડી જવી, મેમરી લોસ, સ્ટ્રેસ કે ફસ્ટ્રેશન જેવી માનસિક બિમારીમાં પણ રાહત મળે છે.
- ડાયાબીટીશના દરદીઓ માટે પણ એ અત્યંત ફાયદાકારક છે.
- સરગવો આંકને સતેજ બનાવે છે, હાડકાંને પણ મજબૂત બનાવે છે.
- જાતજાતના બેક્ટેરિયલ અને વાઈરલ ઈન્ફેક્શન સામે એ રક્ષણ પણ આપે છે. જેને કારણે ડેનગ્યુ, મલેરિયા, ચિકનગુનિયા કે સ્વાઈન ફ્લુ જેવા રોગોથી બચી શકાય છે.
- સરગવો વેઈટલોસ માટે પણ ખૂબ જ ઉપયોગી છે કારણ કે એ ખાવાથી શરીરનું મેટાબોલિઝમ સુધરે છે. પાચનક્રિયા સુધરે છે અને ફેટ્સ બળવાનું શરૂ થાય છે.
- સરગવો કેન્સરના દરદીઓ માટે અત્યંત ઉપયોગી સાબિત થાય છે. કારણ કે કેન્સરમાં કેમોથેરપી દ્વારા જે સાઈડ ઈફેક્ટ્સ વ્યક્તિને નડે છે એ સાઈડ ઈફેક્ટમાં સરગવાથી ઘણો ફાયદો થાય છે.
- સરગવો ડિટોક્સિફિકેશન માટે પણ અત્યંત ઉપયોગી છે. એ શરીરમાં ફરતા નકામા કચરા જેને ફ્રી રેડિકલ્સ કહે છે, એને બાંધે છે અને શરીરમાંથી દૂર કરે છે. આથી ત્વચા અને વાળને થતું નુકશાન અટકે છે.
- સરગવાનાં પાન અને શિંગો ગાય, ભેંસ અને બળદને ખાણમાં આપવાથી તેમની રોગ પ્રતિકારક શક્તિ વધારી શકીએ છીએ.

(ઉપરોક્ત સર્વ બાબતો પ્રયોગોને આધારે સાબિત કરેલ છે)

– સુરેશ પુનડિયા - વાંકાનેરડા) ૯૯૭૮૫૯૬૧૭૨

## કૃષિક્ષેત્રે લઘુત્તમ મજુરીમાં ૪૨ ટકા વધારાનો ભા.કિ.સંઘ વિસનગર તાલુકા દ્વારા વિરોધ નોંધાવાયો ઉત્પાદકોના ભાવોમાં પણ વધારો કરો..

ભા.કિ. સંઘ વિસનગર તા. પ્રમુખ લક્ષ્મણભાઈ ચૌધરી એક નિવેદનમાં જણાવે છે. કે કેન્દ્ર સરકાર દ્વારા કૃષિ ક્ષેત્રે લઘુત્તમ મજુરી દરમાં ૪૨ ટકા વધારો કરીને ખેતી ઉપર કુઠારાઘાન કરેલ છે. આજે ખેતી ખોટનો ધંધો બનતી જાય છે કોઈ ખેતી કરવા તૈયાર નથી તમામ ઈનપુટના ભાવો સતત વધી રહ્યા છે. કોઈપણ પાકના ભાવો પણ પૂરા મળતા નથી ત્યારે આ ભાવવધારો ખેતીને વિપરીત અસરો કરનારો બની રહેશે.

ભા.કિ. સંઘ વિસનગર તાલુકાએ વિરોધ કરીને વડાપ્રધાનશ્રી તથા મુખ્યમંત્રીશ્રીને પત્ર લખીને રજુઆત કરી છે. અને વિસ્તૃત રીતે ખેતીની વર્તમાન સ્થિતિનું વર્ણન પણ કર્યું છે. આ નિર્ણયની કિસાન સમાજમાં પણ વિપરીત અસરો પડવાની સંભાવનાઓ વ્યક્ત કરી છે.

## ભા.કિ.સંઘની રજુઆતથી ડુંગળીમાં નુકશાની અંગે સહાય જાહેર કરાઈ

ભા.કિ.સંઘ મહુવા તાલુકાના પ્રમુખ શ્રી પ્રમુખ દેવસુરભાઈ કાગ તથા મહુવા માર્કેટ યાર્ડના ચેરમેનશ્રી ઘનશ્યામભાઈ પટેલ વિગેરેએ ચાલુ સાલે ડુંગળીના ભાવો તળીયે બેસી જતાં કૃષિ મંત્રી શ્રી ચિમનભાઈ સાપરીયા તથા મંત્રીશ્રી વિ.વિ. વઘાસીયા તેમજ મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીની મુલાકાત કરીને ઘટતું કરવા રજુઆત કરેલ જેના અનુસંધાનમાં સરકારશ્રી દ્વારા ૫૦ કિ.ગ્રા. ડુંગળીની બોરી દીઠ રૂા. ૪૦/- નું વળતર આપવાનો નિર્ણય થતા ભા.કિ.સંઘ દ્વારા મા. મુ. મંત્રીશ્રી ના ભા. કિ. સંઘ આભાર માને છે.

## વિશ્વ યોગ દિવસ નિમિત્તે ગુજરાતની...

**અનુ. પાના ૧ નું ચાલુ**

સાથે અનેક લોકોએ યોગ કર્યા હતા. આ પ્રસંગે ગૃહ રાજ્ય મંત્રીશ્રી પ્રદીપસિંહ જાડેજા, રમત - ગમત યુવા અને સાંસ્કૃતિક મંત્રીશ્રી રાજેન્દ્રભાઈ ત્રિવેદી, ગિનીસ બૂક ઑફ વરલ્ડ રેકોર્ડઝના પ્રતિનિધિ શ્રીયુત લુછીયા અને તેમની ચાર સભ્યોની ટીમ, રમત ગમત, યુવા અને સાંસ્કૃતિ પ્રવૃત્તિઓ વિભાગના સચિવ શ્રી વી.પી. પટેલ, વેટ કમિશનર શ્રી પી.ડી. વાઘેલા, અમદાવાદ જિલ્લા કલેક્ટર શ્રીમતી અવંતિકા સિંઘ, અધિક કલેક્ટરશ્રી મેહુલ દવે ઔડાના સી.ઈ.ઓ શ્રી એ.બી.ગોર, પ્રાંત અધિકારીશ્રી જે.બી. દેસાઈ સહિત ઉચ્ચ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## કામધેનુ યુનિવર્સિટી હેઠળ વેટરનરી કોલેજો...

**અનુ. પાના ૧ નું ચાલુ**

પુરષોત્તમભાઈ રૂપાલા તથા ગુજરાત રાજ્યના વિધાનસભાના અધ્યક્ષશ્રી રમણલાલ વોરા, કૃષિ મંત્રીશ્રી ચીમનભાઈ સાપરીયા, પશુપાલન, મત્સ્યોદ્યોગ મંત્રીશ્રી બાબુભાઈ બોખિરીયા અને ગુજરાત સરકારના અન્ય વિભાગોના મહાનુભાવો પણ ઉપસ્થિત રહ્યાં હતાં. કેન્દ્રિય કૃષિ મંત્રીશ્રી રાધામોહન સિંહજી જણાવેલ કે કામધેનુ યુનિવર્સિટી હસ્તક રાજ્યની વેટરનરી, ડેરી અને ફીશરીઝ કોલેજ ન હોવાથી આઈ. સી. એ. આર. તરફથી યુનિવર્સિટીનું એક્રીડીટેશન થયેલ ન હોય કેન્દ્ર સરકારની સહાય યુનિવર્સિટીને મળી શકે તેમ નથી તેથી ગુજરાત રાજ્યની વેટરનરી કોલેજો કામધેનુ યુનિવર્સિટીમાં જોડાવવામાં આવે તે જરૂરી છે. તેમણે વિદ્યાર્થીઓ માટે હોસ્ટેલની જેમ જ પશુઓની હોસ્ટેલના ઉપર પણ ભાર મૂકવા તેમણએ સૂચન કરેલ હતું.

કેન્દ્રિય કૃષિ (રાજ્ય) મંત્રીશ્રી પરષોત્તમ રૂપાલાએ તેમની લાક્ષણીક શૈલીમાં ગુજરાતનાં ખેડૂતોને બિરદાવ્યા હતા અને ખેડૂતોને પોષણક્ષમ ભાવો મેળવવામાં શ્રી રાધા મોહનસિંહ દ્વારા તેમના સકારાત્મક અભિગમ બદલ આભાર વ્યક્ત કર્યો હતો. આ પ્રસંગે ગુજરાત રાજ્યના વિધાનસભાના અધ્યક્ષશ્રી રમણલાલ વોરાએ પ્રાસંગિક ઉદ્‌બોધન આપેલ હતું. કાર્યક્રમનું સ્વાગત પ્રવચન પ્રો. એમ.સી. વર્ષ્ણેય, કુલપતિ, કામધેનુ યુનિવર્સિટી દ્વારા આપવામાં આવેલ જ્યારે આભારવિધી ડૉ. પી.એચ. વાટલીયા, વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી કામધેનુ યુનિવર્સિટી દ્વારા કરવામાં આવેલ. આ કાર્યક્રમમાં ભા.કિ.સંઘના રાષ્ટ્રિય અગ્રણી શ્રી મગનભાઈ પટેલ તથા મહામંત્રીશ્રી બાબુભાઈ પટેલ તથા આ કાર્યક્રમમાં ૫૦૦૦ જેટલા ખેડૂતો / પશુપાલકો ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કામધેનુ યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત નવા સામાયિક 'ગૌધુલિ'નાં પ્રથમ અંકનું માન. કેન્દ્રિય કૃષિ મંત્રીશ્રી રાધામોહનસિંહ તથા ઉપસ્થિત મહાનુભાવો એ વિમોચન કર્યું હતું આ અંકનું સંપાદન ડૉ. પી.એચ. પાટલીયા, વિસ્તરણ શિક્ષણ નિયામક દ્વારા કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમને સફળ બનાવવા સાબર ડેરીના ચેરમેનશ્રી, જેઠાભાઈ પટેલ તથા તેમના અધિકારીઓ તતા હિંમતનગરના વહીવટી તંત્ર દ્વારા પુરતો સહયોગ આપવામાં આવ્યો હતો.

## ડુંગળી-બટાકામાં સરકારની સહાય જાહેરાત આવકાર્ય

ડુંગળી અને બટાકામાં સરકાર દ્વારા જે સહાય જાહેર કરવામાં આવી છે. તે અંગે ભા.કિ. સંઘ દ્વારા રજુઆતો કરવામાં આવેલ અને રાજ્ય સરકાર દ્વારા જે કિસાનોના હિતમાં નિર્ણય કર્યો છે તેને ભા.કિ.સંઘ આવકારે છે. અને સરકારનો આભાર માને છે. ભા.કિ.સંઘ દ્વારા હાલ સતત સરકારમાં અન્ય અનેક બિન જરૂરી - યોજના - આયોજનો - સહાય અંગે પુનઃ વિચાર કરી માત્ર તમામ ખેત ઉત્પાદનના પોષણક્ષણ ભાવ - નફા સાથેના ટેકાના ભાવો અને તેની ખરીદી માટેનું વ્યવસ્થા તંત્ર કઈ રીતે ગોઠવાય તેની જ ચિંતા કરવા રજુઆતો કરવામાં આવી રહી છે.

# જમીન રી-સર્વેની કામગીરી બે માસમાં પૂર્ણ કરવા મહેસૂલ મંત્રીશ્રીની તાકિદ....

જમીનના રિ-સર્વે અને મહેસૂલ સંબંધી દસ્તાવેજોમાં ક્ષતિ સુધારણાની પ્રક્રિયાને હજી પણ વધુ ઝડપી બનાવી આગામી માસમાં પૂર્ણ કરવા મહેસૂલ મંત્રીશ્રી ભૂપેન્દ્રસિંહ ચુડાસમાએ વહીવટીતંત્રને તાકિદ કરી છે. તા. ૨૦મી જૂને ગાંધીનગર ખાતે અધિક નિવાસી કલેક્ટરોની યોજાયેલી બેઠકમાં જમીનના રિસર્વેની જિલ્લાવાર કામગીરીની સમિક્ષા કરવામાં આવી હતી. મહેસૂલ મંત્રીશ્રીએ આ કામગીરીમાં ક્યાંય પણ ક્ષતિ ન રહે અને ખાતેદારને રિસર્વે અંગે પૂર્ણ સંતોષ થાય એ પછી જ આખરી ઓપ આપવામાં આવે તેવી સૂચના પણ આપી હતી.

- **ખાતેદારને પૂર્ણ સંતોષ થાય એ પછી જ રિસર્વેની કામગીરીને આખરી ઓપ આપવામાં આવશે...**
- **અધિક નિવાસી કલેક્ટરોની ગાંધીનગર ખાતે યોજાયેલી બેઠકમાં મહેસૂલ સંબંધી કામગીરીની સમીક્ષા**

ક્ષતિ સુધારણા અને રિસર્વેની કામગીરી અંગે લાભાર્થીની વાંધા અરજી કે કોઈપણ રજૂઆતો આવે ત્યારે તેના ઝડપી ઉકેલની જરૂરિયાત પર પણ મહેસૂલ મંત્રીશ્રીએ ખાસ ભાર મૂક્યો હતો. શ્રી ચુડાસમાએ જણાવ્યું હતું કે ક્ષતિ સુધારણા અને જમીન રિસર્વેની કામગીરીને એક ઝુંબેશ તરીકે અપનાવાય તો આ બંને કામગીરીને ઝડપભેર પૂર્ણ કરી શકાશે. નિશ્ચિત સમય મર્યાદામાં આ બંને કામગીરી પૂર્ણ થાય તે જરૂરી છે.

આ બેઠકમાં યુ.એલ.સી. સૂચિત સોસાયટી સંબંધી કામગીરી ઉપરાંત ગામતળની જમીન નીમ કરવાની તથા નવી શરત જુની શરત સંબંધી કામગીરીની પણ સમિક્ષા કરવામાં આવી હતી. આ ઉપરાંત ૩ માસ ઉપરની બાકી નોંધો, એસ.આઈ.ટી.ની બાકી અરજીઓ ગણોતધારાની કલમ ૩૨ અન્વયે ગણોતિયાને ખરીદ કિંમત ભરપાઈ કરવાની મુદ્દત લંબાવવી, વાડા લેન્ડ વિનિયમિત કરવાની કામગીરી, બિન ખેતીની પરવાનગી વગર નોંધાયેલ સૂચિત સોસાયટીઓ પરિવર્તનિય વિસ્તારના પૂરક મહેસૂલ સેટલમેન્ટ દાખલ કરવા અંગેની જે તે જિલ્લામાં ચાલી રહેલી કામગીરની સમિક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં અગ્ર સચિવશ્રી મહેસૂલ શ્રી પંકજકુમાર, શ્રી હારીત શુકલ, સચિવશ્રી, જમીન સુધારણા અને વિભાગના ઉચ્ચ અધિકારીશ્રીઓ તથા તમામ જીલ્લાઓના અધિક નિવાસી કલેક્ટરશ્રીઓ ઉપસ્થિત રહીને મહેસૂલ સંબંધિ કામગીરીની સમીક્ષા કરી હતી.

## પોરબંદરમાં ગીરગાયનું અભયારણ્ય બનશે

# રાજ્યમાં કાંકરેજી ગાયનું સંવર્ધન પણ જરૂરી

અગત્યના પશુઓની જાતના સંરક્ષણ માટે હવે ગુજરાત સરકારે પણ તૈયારીઓ શરૂ કરી છે. ગુજરાતમાં ગીર અને કાંકરેજી ગાયનું અનેરું મહત્વ છે. ગુજરાતમાં હવે ગીર ગાયના સંરક્ષણ માટે પોરબંદર જિલ્લાના ધરમપુરમાં ગીર ગાયનું એક અયારણ્ય બની રહ્યું છે. ધરમપુરમાં ૩૫૦ હેક્ટર જમીન પર અભયારણ્ય વિકસિત કરવામાં આવશે. ગીર ગાયો માટે આ દેશનું પ્રથમ અભયારણ્ય હશે. ગુજરાત સરકારે આ માટે ૪.૧૮ કરોડ રૂપિયાના બજેટની ફાળવણી કરી છે. જેનો મુખ્ય ઉદ્દેશ્ય ગીર ગાયનું સંવર્ધન કરવાનો છે. આ અભયારણ્યના વિકાસ માટે જૂનાગઢ કૃષિ યુનિ. નો સહયોગ મળી રહેશે. આ જગ્યાએ પશુ ચિકિત્સા કોલેજ તો બાદમાં શરૂ થશે. અહી ગીર ગાયના સંવર્ધન સાથે છાત્રોને પશુસંલગ્ન શિક્ષા પણ અપાશે. શરૂઆતના તબક્કામાં અહીં ૧૫ ગીર ગાયને લાવવામાં આવશે. ગીર ગાયના અભયારણ્ય માટે ૩૫૦ હેક્ટર જમીન જિલ્લા કલેક્ટર દ્વારા પશુ એનિમલ હસબાન્ડરી વિભાગને આપી દેવામાં આવી છે. રાજ્યમાં કાંકરેજી ગાયના સંવર્ધનની પણ જરૂર છે. ઉત્તર ગુજરાતમાં ધીમે ધીમે આ ગાયો ઓછી થતી જાય છે. પશુ શેડ, ઘાસચારાનું ગોડાઉન, વોટર સ્ટોરેજ ટેન્ક, બોરવેલ પંપહાઉસ અને કર્મચારી આવાસ બનાવવામાં આવશે. સરકારે પશુ વીમા યોજના પણ ૧૫ જિલ્લાને બદલે રાજ્યભરમાં લાગુ કરી દીધી છે.



વર્ષ ૨૦૧૪થી ૨૦૧૬માં રાજ્યમાંથી લગભગ ૨૬ હજાર પશુઓના વીમા કરાવાય છે. વર્ષ ૨૦૧૫-૧૬માં દૂધ ઉત્પાદનનો વૃદ્ધિ દર ૬.૨૮ ટકા રહેતા કુલ દૂધ ઉત્પાદનનો આંક ૧,૫૬૦ લાખ ટને પહોંચી ગયો છે. વર્ષ ૨૦૧૧-૧૪ની તુલનાએ વર્ષ ૨૦૧૪-૧૭ સુધીમા દૂધ ઉત્પાદનમાં ૧૬.૯ ટકાની વૃદ્ધિ થઈ છે. કાંકરેજી ગાયનું પણ ગીર ગાય જેટલું જ મહત્વ હોવાથી સરકારે આ બાબતે પણ પગલાં ભરવાની જરૂર છે. કાંકરેજી ગાયનો મોટાભાગનો વિસ્તાર સૌથી વધુ બનાસકાંઠા અને પાટણ જિલ્લામાં આવેલો છે.

**ગુજરાત સરકારે ગીર ગાય માટે ૪.૧૮ કરોડ રૂપિયાના બજેટની ફાળવણી કરી : ૩૫૦ હેક્ટર જમીન જિલ્લા કલેક્ટર દ્વારા ફળવાઈ**

## વન વિભાગનો ખેડૂતલક્ષી મહત્વનો નિર્ણય

# ખેડૂતોની ખાનગી માલિકીની જમીનમાં ઉગતા ૮૬ જાતના વૃક્ષોને કાપવા અને વાહતુક પરવાનગીમાંથી મુક્તિ...

રાજ્યના ખેડૂતોના હિતમાં રાજ્ય સરકાર અનેકવિધ નિર્ણય લઈ રહી છે. રાજ્ય સરકારે ખેડૂતોની ખાનગી માલિકીની જમીનમાં ઉગતા ૮૬ જાતના વૃક્ષોને કાપવા અને વાહતુક પરવાનગી લેવામાંથી મુક્તિ આપવાનો મહત્વનો નિર્ણય કર્યો છે. મુખ્ય વનસંરક્ષક (ફોરેસ્ટ પ્રોટેકશન)ની યાદીમાં જણાવાયાનુસાર ખાનગી માલિકીની જમીનમાં ઉગતા વૃક્ષોમાં મુખ્યત્વે નીલગીરી, લીમડો, દેશી બાવળ, આંબો, સુબાવળ, બોરડી, સરગવો, ગાંડો બાવળ જેવા વૃક્ષોનો સમાવેશ કરવામાં આવે છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, ગુજરાતમાં વન વિસ્તાર બહારના વૃક્ષો કાપવા પરવાનગી લેવા માટે સૌરાષ્ટ્ર વૃક્ષ છેદન અધિનિયમ ૧૯૫૧ થી અમલ છે. જે હેઠળ અનામત પ્રતિબંધિત વૃક્ષો કાપવા માટે વન વિભાગ તથા બિનઅનામત પ્રતિબંધિત વૃક્ષો કાપવા મટે મહેસૂલ વિભાગના સક્ષમ અધિકારીની પરવાનગી લેવાની રહે છે. રાજ્યમાં વન વિસ્તાર સિવાયની ખાનગી તથા સામૂહિક જમીનમાં વધુ વૃક્ષોનું વાવેતર થાય તે માટે સામાજિક વનીકરણ યોજના હેઠળ લોકોને પ્રોત્સાહિત કરવામાં આવે છે. જેના પરિણામે ખાનગી માલિકીની જમીનમાં ખેડૂતો દ્વારા વૃક્ષોનું વાવેતર થતાં વૃક્ષોની સંખ્યામાં ઘણાં વર્ષોથી વધારો થઈ રહ્યો છે. ખેત વનીકરણ હેઠળ ખેડૂતો દ્વારા વાવેલ વૃક્ષો પરિપકવ થાય ત્યારે આર્થિક ઉપાર્જન માટે તેને કાપી વેચાણ માટે સરળતા રહે અને પરવાનગી લેવામાં કોઈ કનડગત ન થાય તે આશયથી વન વિભાગ દ્વારા આ મહત્વનો નિર્ણય કરાયો છે તેમ વધુમાં જણાવાયું છે.

## ભારત સરકાર દ્વારા તાજેતરમાં જાહેર થયેલ ખરીફ પાકોના ટેકાના ભાવ...

| નં. | પાકનું નામ | MSP (MSP+Bonus) Rs/Quntal ૨૦૧૬-૧૭ | MSP (MSP+Bonus) Rs/Quntal ૨૦૧૭-૧૮ | ૨૦ કીલોના |
|---|---|---|---|---|
| ખરીફ પાક | | ૩ ક્વી. | ૨૧ ક્વી. | |
| ૧ | ડાંગર | | | |
| | કોમન | ૧૪૭૦ | ૧૫૫૦ | ૩૧૦ |
| | ગ્રેડ-એ | ૧૫૧૦ | ૧૫૯૦ | ૩૧૮ |
| ૨. | જુવાર | | | |
| | હાઈબ્રીડ | ૧૬૨૫ | ૧૭૦૦ | ૩૪૦ |
| | માલડાંડી | ૧૬૫૦ | ૧૭૨૫ | ૩૪૫ |
| ૩. | બાજરી | ૧૩૩૦ | ૧૪૨૫ | ૨૮૫ |
| ૪. | મકાઈ | ૧૩૬૫ | ૧૪૨૫ | ૨૮૫ |
| ૫. | તુવેર | ૫૦૫૦ | ૫૪૫૦ | ૧૦૯૦ |
| ૬. | મગ | ૫૨૨૫ | ૫૫૭૫ | ૧૧૧૫ |
| ૭. | અડદ | ૫૦૦૦ | ૫૪૦૦ | ૧૦૮૦ |
| ૮. | મગફળી | ૪૨૨૦ | ૪૪૫૦ | ૮૯૦ |
| ૯. | તલ | ૫૦૦૦ | ૫૩૦૦ | ૧૦૬૦ |
| ૧૦ | કપાસ | | | |
| | મધ્યમતારી કપાસ | ૩૮૬૦ | ૪૦૨૦ | ૮૦૪ |
| | લંબતારી કપાસ | ૪૧૬૦ | ૪૩૨૦ | ૮૬૪ |

## રાજ્ય સરકારનો કિસાનલક્ષી વધુ એક નિર્ણય

# બટાટા અને ડુંગળી પકવતાં ખેડૂતોને એક કિલો દીઠ રૂા. ૧ અને એક કટ્ટા દીઠ રૂા. ૫૦ની સહાય અપાશે..

નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલે જણાવ્યું છે કે, કિસાનોના હિતને વરેલી ગુજરાત સરકાર કિસાનો માટે અનેકવિધ નિર્ણયો અને યોજનાઓ બનાવીને કરોડો રૂપિયાની સબસીડી ચુકવે છે. રાજ્ય સરકાર હંમેશા ખેડૂતોને મદદ થતી આવી છે. ખેડૂતોને વધુમાં વધુ સિંચાઈનું પાણી મળે, સસ્તા દરે અને સમયસર વીજળી પુરતા પ્રમાણમાં મળી રહે તથા ખેડૂતોને કૃષિ મહોત્સવના માધ્યમ દ્વારા અદ્યતન ટેકનોલોજી દ્વારા માર્દગર્શન પણ પુરુ પાડવામાં આવે છે. સાથા સાથે ખેડૂતોને ઓછા પાણીએ વધુ ઉત્પાદન મેળવી તે માટે ટપક સિંચાઈનો ખેડૂતો વધુને વધુ ઉપયોગ કરતા થાય તે માટે ૮૦ ટકા સુધીની ફાળવણી રાજ્ય સરકાર આપે છે. અનો જ્યારે જ્યારે ખેડૂતોને પોષણક્ષણ ભાવો ન મળે ત્યારે ટેકાના ભાવે પાકની ખરીદી પણ કરે છે. આ વર્ષે પણ કપાસ, મગફળી, તુવર જેવા પાકોના જ્યારે ભાવ ઘટ્યા ત્યારે રાજ્ય સરકારે ભારત સરકારના સહયોગથી ખેડૂતોના માલની વ્યાજબી કિંમત મળે તે માટે ખરીદી પણ કરાવી છે.

નાયબ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, આ વર્ષે રાજ્યમાં બટાટા - ડુંગળીનું મબલખ ઉત્પાદન થતા બટાટા અને ડુંગળી પકવતા ખેડૂતોને સહાય રૂપ થવા નવતર યોજના અમલી બનાવીને બટાટા અને ડુંગળીના વેચાણ માટે કિલો દીઠ રૂા. ૧ ની સહાય અને કટ્ટા દીઠ રૂા. ૫૦ની સહાય રાજ્ય સરકાર ચુકવશે આ માટે રાજ્ય સરકારે રૂા. ૧૦૦ કરોડની ફાળવણી પણ કરી દીધી છે. રાજ્યમાં ચાલુ વર્ષે બટાટાનું લગભગ ૩૯ લાખ મેટ્રીક ટન તથા ડુંગળીના પાકનું ૧૦ લાખ મેટ્રીક ટન ઉત્પાદન થયુ છે ત્યારે બટાટા અને ડુંગળીનું ઉત્પાદન કરતા ખેડૂતોને મદદરૂપ થવા માટે રાજ્ય સરકારે આ નવી યોજના અમલમાં મુકી છે.

તેમણે ઉમેર્યુ કે, ધારાસભ્યશ્રીઓ, ખેડૂત અગ્રણીઓ, ભારતીય કિસાન સંઘ વગેરે સંગઠનો દ્વારા બટાટા અને ડુંગળીનું ઉત્પાદન કરનાર ખેડૂતોને હજુ પણ ગુજરાત સરકાર વધુ સહાય આપે તે માટે, રજુઆતો થતા મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી દ્વારા નાયબ મુખ્યમંત્રી શ્રી નીતિનભાઈ પટેલના અધ્યક્ષે, કૃષિ મંત્રીશ્રી ચીમનભાઈ સાપરીયા, આરોગ્ય મંત્રીશ્રી શંકરભાઈ ચૌધરી કૃષિ રાજ્ય મંત્રીશ્રી વલ્લભભાઈ વઘાસીયા અને સિંચાઈ મંત્રીશ્રી નાનુભાઈ વાનાણીની કમીટી બનાવવામાં આવી છે. આ કમીટીએ રાજ્યના બટાટા અને ડુંગળી ઉત્પાદન કરતા ખેડૂતોને વધુ સહાયરૂપ થવા માટે આ યોજના જાહેર કરી છે.

તદ્ અનુસાર, રાજ્યના કોલ્ડ સ્ટોરેજમાં ખેડૂતોના જે બટાટાનો જથ્થો સંગ્રહ કરવામાં આવ્યો છે, તેમાં દરેક ખેડૂત દીઠ બટાટાના ૬૦૦ કટ્ટા (અંદાજે ૩૦૦ ક્વીન્ટલ) બટાટા ખેડૂત દીઠ કોલ્ડ સ્ટોરેજમાંથી બહાર કાઢીને ગુજરાત રાજ્યમાં વેચાણ કરે તેમને દરેક કટ્ટા દીઠ રૂા. ૫૦ એટલે કે એક કીલોએ રૂા. ૧ ની સહાય આપવામાં આવશે. જે ખેડૂતો કોલ્ડ સ્ટોરેજમાંથી બટાટાના જથ્થાને બહાર કાઢે ત્યારે, એક કીલોદીઠ સહાયની સાથે સાથે, જો તે જથ્થાને રાજ્ય બહાર વેચાણ કરવામાં આવે તો તેમાં પણ એક કીલોએ રૂા. ૧ ની વધુ સહાય, રાજ્ય બહાર નિકાસ સહાય તરીકે આપવામાં આવશે.

તેમણે ઉમેર્યું હતું કે, રાજ્યમાં ડુંગળીનું પણ વિપુલ પ્રમાણમાં ઉત્પાદન થયું છે અને ડુંગળીની મોટાભાગની સીઝન પૂર્ણ થઈ છે. તેથી રાજ્ય સરકારે નિર્ણય કરેલછે કે તા. ૧-૩-૨૦૧૭ થી ૧૦-૬-૨૦૧૭ના ત્રણ માસ અને ૧૦ દિવસના સમયગાળા દરમિયાન સૌરાષ્ટ્રના ભાવનગર, અમરેલી અને અન્ય જિલ્લાના અથવા તો રાજયના અન્ય કોઈપણ જગ્યાએ ડુંગળીનું એ. પી. એમ. સી. (માર્કેટ યાર્ડ)માં જે ખેડૂતોએ વેચાણ કરેલ હશે તે ખેડૂતને તેમણે માર્કેટ યાર્ડમાં ડુંગળીનું વેચાણ કરેલાનું બીલ, માર્કેટ યાર્ડનો ગેટ પાસ, અથવા માર્કેટ યાર્ડના વજન કાંટોની પાવતી, અથવા વેપારીએ ખેડૂતને ડુંગળી ખરીદીની જે રકમ ચૂકવેલ હોય તેનો આધાર પૂરાવો રજૂ કરશે તેવા તમામ ખેડૂતોને ડુંગળીના એક કટ્ટા દીઠ રૂા. ૫૦ ની સહાય એટલે કે એક કીલોએ રૂા. ૧ ની સહાય રાજ્ય સરકાર દ્વારા આપવામાં આવશે. આમ ડુંગળીમાં, વેચાણની સીઝન પૂરી થવા છતાં ખેડૂતે ઉત્પાદન કરેલ ડુંગળીના માલ ઉપર સહાય આપવાની ઉદાર યોજના માટે રાજ્ય સરકારે રૂા. ૬૦ કરોડ મંજુર કર્યા છે. ખેડૂત દીઠ વધુમાં વધુ ૩૦૦ કટ્ટા (૩૦૦) ક્વીન્ટલ) સુધીના બટાટા અને ડુંગળીના વેચાણ ઉપર રાજ્ય સરકાર તરફથી સહાય આપવામાં આવશે.



**● રાજ્ય સરાકર દ્વારા ખેડૂતો માટે રૂા. ૧૦૦ કરોડ ફાળવાયા : નાયબ મુખ્યમંત્રીશ્રી નીતિનભાઈ પટેલ ● ખેડૂતો કોલ્ડ સ્ટોરેજમાંથી બટાકા વેચાણ માટે બહાર કાઢે તો કિલોએ એક રૂપિયો તથા રાજ્ય બહાર નિકાસ કરે તો વધારાનો એક રૂપિયો મળી કુલ ૨ રૂપિયાની સહાય ● ડુંગળીમાં વેચાઈ ગયેલા માલ પર પુરાવા રજુ કર્યેથી પણ સહાય ચુકવાશે.**

## કૃષિલક્ષી સાધનોની ખરીદીમાં સહાય માટે

# 'ખેડૂત આઈ પોર્ટલ' પર વધુ એક મહિના માટે અરજીઓ સ્વીકારાશે.

કૃષિલક્ષી સાધન સહાય માટે ખેડૂતો આઈ પોર્ટલ પર ઓનલાઈન અરજી કરી શકે તે માટે રાજ્ય સરકાર દ્વારા આ વર્ષે તા. ૧૫-૬-૧૭ થી ૧૫-૭-૧૭ સુધીના વધુ એક મહિના માટે ખેડૂત આઈ પોર્ટલ ઓપન કરવાનો નિર્ણય લેવાયો છે. જેમાં ખેડૂતો પ્રોસેસીંગ યુનિટ અને હન્ડ કિટ ટુલ્સ જેવા ખેતીલક્ષી સાધનોની ખરીદીમાં નાણાકીય સહાય માટે ઓનલાઈન અરજી કરી શકશે. દર વર્ષે એપ્રિલ માસ દરમિયાન ખેડૂત આઈ પોર્ટલ ઓપન કરાતી હોય છે. જેમાં ખેડૂતો કૃષિના વિવિધ સાધનોની ખરીદીમાં નાણાકીય સહાય માટે ઓનલાઈન અરજી કરી શકતા હોય છે. આ વર્ષે અમદાવાદ જિલ્લામાં ૧૯૦૦૦ ખેડૂતોએ સાધન સહાય માટે અરજી કરી છે. આ અંગે ખેતીવાડી અધિકારીના જણાવ્યા મુજબ ખેતીના વિવિધ સાધનો પૈકીના બે ઘટકો પ્રોસેસીંગ યુનિટ અને હેન્ડ કિટ ટુલ્સમાં કેટલાક ખેડૂતોએ અરજી કરવાની રહી જતા અને તે અંગેની રજૂઆત બાદ આ બંને ઘટકોમાં અરજી કરવા માટે ખેડૂત આઈ પોર્ટલ વધુ એક માસ માટે ઓપન કરવામાં આવ્યું છે.

ખેડૂતો પોતાના મોબાઈલમાંથી, ઈ-ધરામાંથી, ગ્રામપંચાયત કે નેટ કનેકશન ધરાવતા હોય તેવા કોઈપણ સ્થળેથી ઓન લાઈન અરજી કરી શકશે. અરજી સાથે ખેડૂતોએ તેમનો આધારનંબર નાંખવો ફરજીયાત છે. ઓનલાઈન અરજી કર્યા બાદ તેની પ્રિન્ટ કાઢીને તેના પર સહી કે અંગુઠાની નિશાની કરીને જે તે નજીકના ખેતીવાડી કેન્દ્રમાં અરજી જમા કરાવવી પડશે.

## ગુજરાત સરકારની યુધ્ધના ધોરણે નોંધપાત્ર કામગીરી

# સુપ્રિમ કોર્ટની મંજુરીથી નર્મદા બંધના ૩૦ દરવાજા બંધ કરવામાં આવ્યા...

ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ શ્રી વિઠ્ઠલભાઈ દૂધાત્રા અને રાષ્ટ્રીય અગ્રણી શ્રી મગનભાઈ પટેલ દ્વારા એક સંયુક્ત નિવેદનમાં જણાવે છે. કે ગત રોજ ગુજરાત રાજ્ય માટે ઐતિહાસીક પળ હતી જ્યારે નર્મદા બંધના દરવાજા બંધ કરવાનું કાર્ય મા. મુખ્યમંત્રીશ્રી વિજયભાઈ રૂપાણી તથા મા. નાયબ મુખ્યમંત્રીશ્રી નિતીનભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું.

૧૯૬૦ થી ભારત સ્વપ્નદ્રષ્ટા લોહપુરુષ સરદાર સાહેબે જે સ્વપ્ન જોયુ હતું તે પૂર્ણ થવાની દિશામાં અંતિમ ચરણનું કાર્ય નર્મદા કંટ્રોલ ઓથોરીટી અને સુપ્રિમ કોર્ટ દ્વારા દરવાજા બંધ કરવાની મંજુરી મળતા પૂર્ણ થશે. પાણીની હયાત ઉપલબ્ધી થી પોણા ચાર ગણા પાણીના સ્ત્રોત ના કારણે ગુજરાત નવપલ્લવીત થશે. અને નર્મદા બંધ એ સાચા અર્થમાં જીવાદોરી સમાન બની રહેશે. ૨૦૧૮માં કેનાલ નેટવર્કમાં કામો પૂર્ણ થશે. ત્યારે ગુજરાતના અનેક શહેરો અને લાખો હેક્ટર જમીનને સિંચાઈનું પાણી ઉપલબ્ધ થતા ગુજરાતની ગતિમાં વધુ આગે કુચ સાથે નવા સોપાનો સર થશે.

ભારતીય કિસાન સંઘ દ્વારા આ ઘટનાની અને યુદ્ધના ધોરણે થઈ રહેલા કાર્યની અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવે છે. અને કેનાલ નેટવર્કના કામો વધુ ગતિથી અને વધુ મજબુતી પૂર્ણ થાય તેવી અપેક્ષા વ્યક્ત કરવામાં આવી છે.

આવનાર સમયમાં નમામી દેવી નર્મદે - સર્વ દેનારી બની રહે એવા ભાવ સાથે આ કાર્યમાં સહભાગી સૌને અભિનંદન અને શુભેચ્છાઓ પાઠવવામાં આવી છે.

**● હવે ૧૨૧.૯૨ મીટર થી વધીને ઉંચાઈ ૧૩૮ મીટર અને જળસંગ્રહશક્તિ ૭૪ ટકા વધશે જ્યારે ૪૦ ટકા વધારાની વિજળી ઉત્પન્ન થશે. ● સરકાર સાહેબના સ્વપ્ન પૂર્ણ થવાની દિશામાં મા. મુખ્યમંત્રીશ્રી - મુખ્યમંત્રીશ્રી દ્વારા ગુજરાત માટે ઐતિહાસિક દિવસ ગણાવીને થયા દરવાજા બંધ ● ભારતીય કિસાન સંઘ, ગુજરાત પ્રદેશ દ્વારા સરકારશ્રી અને ટીમ નર્મદા વિભાગને અભિનંદન..**

તંત્રી : લક્ષ્મણભાઈ પટોળીયા, સહતંત્રી : બાબુભાઈ કે. પટેલ, માલિક-મુદ્રક-પ્રકાશક-કિસાન સંદેશ, પ્રકાશન ટ્રસ્ટ, ગુ.પ્ર. વતી, કેપિટલ ઓફસેટ, જી.આઈ.ડી.સી., સે. ૨૮, ગાંધીનગરથી છપાવી બલરામ મંદિર પરિસર, સે. ૧૨/ડી, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું.